**આજનો સુવિચાર**

ઈશ્વર સિવાય ક્યાંય પણ મન લગાવ્યું તો અંતે પસ્તાવો જ પ્રાપ્ત થશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૭૫ જૂનાગઢ તા.૦૬-૦૩-૨૦૨૫ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 75, Junagadh : Date : 06 March, 2025, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# લંડનમાં જયશંકરની કારને ખાલીસ્તાનીઓએ ઘેરી લીધી : તિરંગો ફાડી નાખ્યો



(એજન્સી) લંડન તા.૦૬ ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરની કારને લંડનમાં ખાલિસ્તાની સમર્થકોએ ઘેરી લીધી હતી. આ દરમિયાન એક ખાલિસ્તાની સમર્થક જયશંકરની કારની સામે આવીને ત્રિરંગો પણ ફાડ્યો હતો. જયશંકર હાલ લંડનમાં છે. જયશંકરે અહીં ચેથમ હાઉસ થિંક ટેન્ક ખાતે એક ખાસ કાર્યક્રમમાં

## વિદેશમંત્રી જયશંકર પર હુમલાનો પ્રયાસ : ખાલીસ્તાની સમર્થકોએ ભારત વિરોધી નારા લગાવ્યા : ભારત સરકારે ગંભીર નોંધ લીધી : વિડીયો વાયરલ

ભાગ લીધો હતો. આ કાર્યક્રમ પૂરો થયા પછી તરત જ પોતાની કાર તરફ આગળ વધ્યા, ત્યાં પહેલેથી જ વિરોધ કરી રહેલા ખાલિસ્તાની પ્રદર્શનકારીઓએ તેમને જોઈને સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. આ પછી ત્રિરંગો લઈને આવેલા એક વ્યક્તિએ તેમની કારની સામે આવીને રસ્તો રોક્યો હતો. આ દરમિયાન ખાલીસ્તાનીઓએ રાષ્ટ્રધ્વજ ફાડવા જેવું શરમજનક કૃત્ય પણ કર્યુ હતું.

આ વ્યકિતની આ હરકત જોઈને તરત જ સુરક્ષાકર્મીઓએ તેને પકડી લીધો અને કારથી દૂર લઈ ગયા. એક તરફ કેટલાક ખાલિસ્તાન સમર્થકો હાથમાં ખાલિસ્તાનનો ધ્વજ લઈને નારા લગાવી રહ્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે, જેના કારણે ભારતીય સમુદાયમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## POK ખાલી કરી દો, કાશ્મીર સમસ્યા ઉકેલાઈ જશે : જયશંકરનું બેબાક નિવેદન




(એજન્સી) લંડન તા.૦૬ : બ્રિટનની પાંચ દિવસની મુલાકાતે લંડન પહોંચેલા વિદેશમંત્રી એસ.જયશંકરે કાશ્મીર અંગે એક તડ અને ફડ જેવા વિધાનમાં કાશ્મીર સમસ્યા ઉકેલવા કલમ ૩૭૦ની નાબુદીને પ્રથમ પગલુ ગણાવ્યુ હતું અને બાદમાં કહ્યું કે ચોરાયેલા કાશ્મીરનો ભાગ જેના પર પાકિસ્તાને કબ્જો કર્યો છે તે પરત આવે તો આ પ્રશ્નનો ઉકેલ આવી જશે.

લંડનના ચૈથમ હાઉસ ખાતે એક ડિપ્લોમેટીક ચર્ચામાં ભાગ લીધા બાદ પાકિસ્તાની પત્રકારના પ્રશ્નનો જવાબ આપતા જયશંકરે કહ્યું કે પીઓકે ખાલી કરી દો સમસ્યા ઉકેલાઈ જશે. ભારતે કાશ્મીરમાં સારુ કામ કર્યુ છે.

મોટાભાગના મુદાઓના હલ કરવાની કામગીરી કરી છે અને તેમાં કલમ ૩૭૦ હટાવવી તે પ્રથમ કદમ હતું અને ત્યારબાદ વિકાસ અને આર્થિક ગતિવિધિ અને સામાજીક ન્યાય પુનઃ સ્થાપીત કરવો આ બીજુ પગલુ હતુ જેના પરિણામે કાશ્મીરમાં ચુંટણી સમયે મોટી સંખ્યામાં મતદાન થયું હતું,

હવે ત્રીજુ કદમ અમો જેની રાહ જોઈએ છીએ તે કાશ્મીરના 'ચોરાયેલ' ભાગને પરત કરવામાં આવે તેની રાહ જોઈએ છીએ જે પાકિસ્તાનના ગેરકાનુની કબ્જામાં છે જયારે તે થઈ જશે તો હું ખાતરી આપુ છું કે કાશ્મીર સમસ્યાનો ઉકેલ આવી જશે.

## ટ્રમ્પની ટેરિફથી ભારત બચી શકે છે : દિલ્હી-વોશિંગ્ટન વચ્ચે મંત્રણા શરૂ

(એજન્સી) નવી દિલ્હી, તા.૬: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના ઉત્પાદનો પર ટેરિફ લાદવાના બદલામાં ભારત સહિત અનેક દેશો પર આયાત ડ્યુટી લાદી છે. ટ્રમ્પે બ્રાઝિલ અને ચીન સાથે ભારત પર ટેરિફ લાદ્યો છે, પરંતુ એવી અપેક્ષા છે કે ભારતને આ ટેરિફમાંથી રાહત મળી શકે છે જે ૨ એપ્રિલથી અમલમાં આવશે. ભારતીય અધિકારીઓએ નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચે ચાલી રહેલી વેપાર વાટાઘાટો તરફ ઈશારો કરીને વહેલા ઉકેલની આશા વ્યક્ત કરી છે. ટ્રમ્પે ભારત સહિત વિવિધ વેપાર ભાગીદારો પર પારસ્પરિક ટેરિફ લાદવાની યોજના બનાવી છે, જેનો ઉલ્લેખ તેમણે મંગળવારે યુએસ કોંગ્રેસના સંયુક્ત સત્રને સંબોધન કરતી વખતે કર્યો હતો. તેનાથી વેપાર યુદ્ધની ચિંતા વધી છે, જે વૈશ્વિક આર્થિક વિકાસને અસર કરી શકે છે. ટ્રમ્પની આ ટિપ્પણી એવા સમયે આવી છે જયારે વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ વેપાર વાટાઘાટો માટે એક અઠવાડિયાની અમેરિકાની મુલાકાતે છે.

આ બાબતથી પરિચિત લોકો કહે છે કે ભારતીય પક્ષ ટ્રમ્પ દ્વારા ૨ એપ્રિલથી લાદવામાં આવેલા ટેરિફથી બચી શકે છે. આનું કારણ એ છે કે બંને પક્ષો ટેરિફ અને નોન-ટેરિફ અવરોધો સહિત એકબીજાની ચિંતાઓને દૂર કરવા માટે રચનાત્મક સંવાદમાં સક્રિયપણે રોકાયેલા છે.

## ટ્રમ્પના નિર્ણયોથી ટેરિફ વોર ફાટી નીકળવાના સંકેતો : અમેરીકાના ૧૫ લાખ ઘરોમાં વિજળી ડુલ કરવાની કેનેડાએ ધમકી આપી

વોશિંગ્ટન,તા.૬: અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિથી હવે વિશ્વમાં ટ્રેડ વોર ફાટી નીકળવાના સંકેતો મળી રહ્યા છે. અમેરિકા સામે હવે તેના પડોશી દેશ જ ઉભા થયા છે. અમેરિકાએ આજે કહ્યું કે, મંગળવારથી કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા ટેરિફ લાગુ કરશે. ટ્રમ્પના નિવેદન બાદ જ બંને દેશો તરફથી પ્રતિક્રિયા સામે આવી છે.

ટ્રમ્પની ટેરિફ નીતિ પર કેનેડાના ઓંટારિયો પ્રાંતના પીમિયર ડગ ફોર્ટે કહ્યું કે, જો અમેરિકા કેનેડાના અર્થતંત્ર સાથે આમ કરશે તો અમે ત્યાંની વીજળી કાપી નાંખીશું. કનેડાના ઓંટારિયોથી અમેરિકાના ત્રણ રાજ્યો મિનિસોટા, મિશિગન અને ન્યૂયોર્ક સામે ૧૫ લાખ ઘરોને વીજળી પહોંચાડે છે. આ સ્થિતિમાં જો કેનેડા ટ્રમ્પની ટેરિફ નીતિ પર પ્રતિક્રિયા આપીને વીજળી પુરવઠો બંધ કરે તો અમેરિકાના આ રાજ્યોમાં અંધાર પટ છવાઈ જશે.

ડગ ફોર્ટે તેમના નિવેદનમાં કહ્યું કે, અમે અમેરિકાનો વીજળી પુરવઠો ખોરવી શકીએ છીએ. કેનેડા પોતોનું આર્થિક નુકસાન રોકવા માટે શકય તમામ વિકલ્પ પર વિચાર કરશે. ટ્રમ્પના નિર્ણયથી કેનેડાના લોકોને નુકસાન થશે પરંતુ એવું નથી કે તેની અસર અમેરિકા પર નહીં પડે. અમેરિકાના લોકોને પણ અસર થશે, જે દુર્ભાગ્યપૂર્ણ છે.

## કોઈપણ જાતિ મંદિરની માલિકીનો દાવો કરી શકે નહીં : મદ્રાસ હાઈકોર્ટ

ચેન્નાઈ, તા.૬ : કોઈ પણ જાતિ મંદિરની માલિકીનો દાવો કરી શકશે નહીં. ભારતના બંધારણમાં જાતિના આધારે મંદિરની માલિકી કે સત્તા મેળવવાનો ક્યાંય ઉલ્લેખ નથી. બંધારણમાં ઉલ્લેખનીય ધાર્મિક પ્રથાઓમાં પણ જાતિ આધારિત મંદિરની માલિકીનો ઉલ્લેખ નથી. મદ્રાસ હાઈકોર્ટે આ અંગે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ ભરત ચક્રવર્તીએ જણાવ્યું હતું કે, ઘણાં સામાજિક જૂથો જાતિના આધારે પોતાની ઓળખ બનાવી ધાર્મિક પ્રથાઓનું સંચાલન કરવાનો દાવો અને હક મેળવતા હોય છે. પરંતુ બંધારણમાં દર્શાવેલી ધાર્મિક પ્રથાઓને જાતિ સાથે સરખાવવાનો ક્યાંય ઉલ્લેખ નથી.

હાઈકોર્ટે કહયું કે, જાતિગત ભેદભાવમાં વિશ્વાસ કરતાં લોકો ધાર્મિક સંપ્રદાયની આડમાં પોતાની ઘૃણા અને અસમાનતા છુપાવવાનો પ્રયાસ કરે છે. મંદિરોને તેઓ સામાજિક અશાંતિ પેદા કરતું સ્થળ તેમજ વિભાજનકારી પ્રવૃત્તિઓને વેગ આપતું સ્થળ માને છે. અનેક જાહેર મંદિરોને વિશેષ જાતિ સાથે જોડવામાં આવી રહયા છે. ભારતના બંધારણની કલમ ૨૫ અને ૨૬ આવશ્યક ધાર્મિક પ્રથાઓ અને ધાર્મિક સંપ્રદાયોના અધિકારોની રક્ષા કરે છે. તેમાં કોઈ જાતિ દ્વારા મંદિરની માલિકીનો ઉલ્લેખ કે દાવો કરવામાં આવ્યો નથી. જાતિગત ઓળખના આધારે મંદિરનું સંચાલન ધાર્મિક પ્રથા નથી. આ મામલો હવે એકીકૃત હોવો જોઈએ નહીં.

## ટ્રમ્પે હમાસને ધમકી આપી : બંધકોને મુક્ત કરો, નહીંતર વિનાશ નિશ્ચિત

(એજન્સી) વોશિંગ્ટન તા.૦૬ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસને તમામ બંધકોને તુરંત જ મુક્ત કરવા કહ્યું છે, બાદથી નહીં. તમે જેમની હત્યા કરી છે તેમના મૃતદેહ તાત્કાલિક પરત કરો, અન્યથા તમારું કામ સમાપ્ત થશે. માત્ર બીમાર અને વિકૃત લોકો જ મૃતદેહો રાખે છે. તમે બીમાર અને વિકૃત છો.

વ્હાઈટ હાઉસે બુધવારે મોડી રાત્રે જણાવ્યું હતું કે ગાઝા બંધકોના મુદ્દે અમેરિકા અને હમાસ વચ્ચે કતારની રાજધાની દોહામાં સીધી વાતચીત થઈ હતી. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે કહ્યું હતું કે ચર્ચા પહેલા ઈઝરાયલ સાથે પણ વાત કરવામાં આવી હતી. ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુના કાર્યાલયે આ વાતચીતની માહિતી આપી. ઈઝરાયલના અધિકારીઓનું કહેવું છે કે ગાઝામાં હજુ પણ ૨૪ જેટલા જીવિત બંધકો છે. આમાંથી એક અમેરિકન નાગરિક એડન એલેક્ઝાન્ડર પણ સામેલ છે. આ સિવાય ઓછામાં ઓછા ૩૫ અન્ય લોકો પણ શામેલ છે.

## અમેરિકામાં વધુ એક ભારતીય વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા



(એજન્સી) વિસ્કોન્સિન તા.૬: અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓ પર હુમલાની ઘટનાઓ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહી નથી. તાજેતરના કિસ્સામાં, તેલંગાણાના રંગા રેડ્ડી જિલ્લાના એક વિદ્યાર્થીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. આ વ્યકિતની ઓળખ પ્રવીણ (૨૬) તરીકે થઈ છે, જે મિલવૌકી, વિસ્કોન્સિનમાં એમએસ કરી રહ્યો હતો અને એક સ્ટોરમાં પાર્ટ-ટાઈમ નોકરી પણ કરતો હતો. આ ઘટના બુધવારે (ભારતીય સમય) મુજબ વહેલી સવારે બની હતી, ત્યારબાદ યુએસ અધિકારીઓએ પ્રવીણના પરિવારને જાણ કરી હતી.

## રવિવારે દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ

(એજન્સી) દુબઈ તા.૦૬ : બીજી સેમિફાઈનલમાં ન્યુઝીલેન્ડે દક્ષિણ આફ્રિકાને ૫૦ રનથી હરાવ્યું. આ સાથે, ટીમે ત્રીજી વખત ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં પણ જગ્યા બનાવી. આ ટીમ અગાઉ ૨૦૦૦ અને ૨૦૦૯ માં ફાઈનલ રમી હતી. ટીમ હવે બીજી વખત ટાઈટલ જીતવાના ઈરાદા સાથે પ્રવેશ કરશે. ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે. આ ટુર્નામેન્ટના ટાઈટલ મેચમાં બંને ટીમો ૨૫ વર્ષ પછી એકબીજાનો સામનો કરશે. વર્ષ ૨૦૦૦ માં, ન્યુઝીલેન્ડે ફાઈનલમાં ભારતને હરાવીને ટાઈટલ જીત્યું હતું. ફાઈનલ ૯ માર્ચે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે.

## દુબઈની ડયુટી ફ્રી શોપમાં ભારતીય પ્રવાસી જુથે ૧૦ લાખ ડોલરનું ઈનામ જીત્યું



(એજન્સી) દુબઈ તા.૦૬ : બુધવારે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટના કોનકોર્સ A ખાતે આયોજિત નવીનતમ દુબઈ ડ્યુટી ફ્રી મિલેનિયમ મિલિયોનેર અને ફાઈનેસ્ટ સરપ્રાઈઝ ડ્રોમાં ભારતીય સાથીદારોના એક જૂથે સામૂહિક રીતે $1 મિલિયન ડોલર જીત્યા હતા. દુબઈમાં રહેતા ૪૫ વર્ષીય ભારતીય નાગરિક પ્રસાદ શિવદાસન ૧૯ ફેબ્રુઆરીએ ઓનલાઈન ખરીદી હતી અને તેમણે ૩૭૯૩ નંબરની ટિકિટ સાથે મિલેનિયમ મિલિયોનેર સિરીઝ ૪૯૨ માં ૧૦ લાખ ડોલરનો વિજેતા બન્યો.

## છત્તીસગઢમાં મહિલા સરપંચોની જગ્યાએ તેમના પતિઓએ શપથ લીધા : તપાસના આદેશો

(એજન્સી) કબીરધામ,તા.૬: છત્તીસગઢના કબીરધામ જિલ્લાના એક ગામ ખાતે નવનિર્વાચિત ૬ મહિલા સરપંચોની જગ્યાએ તેમના પતિઓએ શપથ લીધા હતા. સમગ્ર ઘટનાનો વીડિયો વાઈરલ થતાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. ગત સોમવારે પંડરિયા વિકાસખંડના પરસવારા ગ્રામ પંચાયત ખાતે આ ઘટના બની હતી. જ્યારે કબીરધામ જિલ્લા પંચાયતના સીઈઓ અજય ત્રિપાટીએ જણાવ્યું હતું કે, 'પરસવારા ગામની પંચાયતના સરપંચોના શપથ ગ્રહણનો વાઈરલ વીડિયો ગઈકાલે મંગળવારે સામે આવ્યો હતો. જેને લઈને પંડરિયા જિલ્લા પંચાયતના અધિકારીએ સમગ્ર મામલે તપાસ કરવા જણાવ્યું હતું.' ત્રિપાઠીએ કહ્યું કે, 'રિપોર્ટના આધારે આ મામલે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લામાં તાજેતરમાં પૂર્ણ થયેલી ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણીના નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓનો શપથગ્રહણ સમારોહ ગત સોમવારે યોજાયો હતો.

## ભારતમાં અબજોપતિઓની સંખ્યા વધી : અમેરીકા, ચીન બાદ સૌથી વધુ ધનીકો

(એજન્સી) નવી દિલ્હી,તા.૬: ભારતમાં ૨૦૨૪માં કરોડપતિઓની સંખ્યામાં વધારો થયો છે. પ્રોપર્ટી કન્સલ્ટન્ટ નાઈટ ફ્રેન્કના જણાવ્યા અનુસાર ગત વર્ષે ૧૦ મિલિયન ડોલરથી વધુ સંપત્તિ ધરાવતા ભારતીય હાઈ-નેટ-વર્થ વ્યકિતઓ (HNWIs) ની સંખ્યા ૬ ટકા વધીને ૮૫૬૯૮ થઈ ગઈ છે. નાઈટ ફ્રેન્કે બુધવારે તેનો 'ધ વેલ્થ રિપોર્ટ ૨૦૨૫' બહાર પાડયો હતો, જેમાં ભારતમાં કરોડપતિઓની વધતી સંખ્યાની માહિતી અપાઈ હતી. નાઈટ ફ્રેન્કનો એવો પણ અંદાજ છે કે આ સંખ્યા ૨૦૨૮ સુધીમાં વધીને ૯૩,૭૫૩ થવાની ધારણા છે.

## યુપીના કૌશાંબીમાંથી બબ્બર ખાલ્સાનો આતંકવાદી ઝડપાયો : હેન્ડ ગ્રેનેડ-વિસ્ફોટકો મળી આવ્યા

(એજન્સી) કૌશાંબી તા.૦૬ ઉત્તર પ્રદેશના કૌશામ્બીમાં બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (BKI)ના આતંકવાદીની ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા આતંકીની ઓળખ લાઝર મસીહ તરીકે થઈ છે. યુપી STFના જણાવ્યા મુજબ, લાઝર મસીહ BKIના જર્મની સ્થિત મોડ્યુલના પ્રમુખ સ્વર્ણ સિંહ ઉર્ફે જીવન ફૌજી માટે કામ કરે છે અને તે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI સાથે પણ સીધા સંપર્કમાં છે.

UP STF અને પંજાબ પોલીસે ગુરુવારે સવારે ૩.૩૦ વાગ્યે દરોડા પાડ્યા બાદ લાઝર મસીહની



ધરપકડ કરી હતી. તે પંજાબના અમૃતસર જિલ્લાના કુર્લિયાના ગામનો રહેવાસી છે. STFએ તેની પાસેથી ૩ હેન્ડ ગ્રેનેડ, ૨ ડિટોનેટર, ૧ વિદેશી પિસ્તોલ અને ૧૩ કારતૂસ જપ્ત કર્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, STFના ઉચ્ચ અધિકારીઓ કોખરાજ પોલીસ સ્ટેશનના સિક્રેટ રૂમમાં આતંકીની પૂછપરછ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૯માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
રાજુભાઈ
મો. ૯૮૭૯૫ ૭૪૬૬૬, ૭૪૩૯૨ ૦૨૦૨૦

**ક્રિષ્ના**

સિમેન્ટ પ્રોડકટ એન્ડ સેનેટરી વેર્સ
ધોરાજી રોડ, ઓકટ્રોઈ નાકા, જૂનાગઢ - ૩૬૨૦૩૭ (ગુજરાત)
ફોન : (૦૨૮૫) ૨૬૬૧૯૯૯

**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


**બીના ઈલેક્ટ્રોનિક્સ**
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો


કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ(CISF)એ તેના ૫૬માં સ્થાપના દિવસે એક નવી પહેલ : "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" થીમ સાથે

# સમુદ્ર કિનારે વસતા સમુદાયોમાં સંભવિત જોખમો વિશે સુરક્ષા એજન્સીઓ વચ્ચે મજબૂત-સજાગ સમન્વય-જાગૃતિ સાથેની અનોખી સાયક્લિંગ યાત્રાની શરૂઆત કરશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૬

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ(CISF)એ તેના ૫૬માં સ્થાપના દિવસે એક નવી પહેલ "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" દ્વારા ઉજવવા માટે તૈયાર છે. આ એક સાયકલ રેલી છે, જે ભારતના ૬,૫૫૩ કિમી લાંબી મુખ્ય દરિયાઈ પટ્ટી પર મુસાફરી કરશે. જેના ભાગરૂપે સાયકલ સવારોની બે ટીમો આ અદભૂત યાત્રાની એકસાથે શરૂઆત કરશે-એક ટીમ ગુજરાતના કચ્છ જિલ્લામાં આવેલા લખપત જિલ્લા (પશ્ચિમી તટ)માંથી અને બીજી ટીમ પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના બક્કાલી (પૂર્વી તટ)માંથી શરૂઆત કરશે. ૨૫ દિવસ સુધી ભારતના સમુદ્રી કાંઠાના જમીન માર્ગોની યાત્રા કર્યા બાદ, આ બંને ટીમો ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ તમિલનાડુના કન્યાકુમારી સ્થિત વિવેકાનંદ રોક સ્મારક ખાતે ભેગી થશે. આ અભિયાનની વિસ્તૃત માહિતી આપવા સમયે ડેપ્યુટી આઈજી મમતા રાહુલ, સિનિયર કમાન્ડન્ટ કપિલ વર્મન, મનમોહન સિંહ યાદવ અને કમાન્ડન્ટ રાકેશ ચૌધરી ઉપસ્થિત હતા. આ મહત્ત્વાકાંક્ષી યાત્રા માત્ર શારીરિક શક્તિની તપાસ નથી, પણ CISFની સમુદ્ર કાંઠાની સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ભારતની આર્થિક સમૃદ્ધિ માટે તેની મહત્વની ભૂમિકાનો પ્રબળ સંદેશ પણ આપે છે. ભારતની વિસ્તૃત તટલાઈન ૨૫૦થી વધુ બંદરગાહોનું ઘર છે. જેમાં ૭૨ મોટા બંદરો છે, જે દેશના ૯૫% વેપાર અને મોટાભાગના તેલ આયાતને સંભાળે છે. આ બંદરગાહો વેપાર માટે મહત્વના પ્રવેશદ્વાર છે અને રિફાઈનરી, શિપયાર્ડ અને ન્યુક્લિયર પાવર પ્લાંટસ જેવા મહત્વપૂર્ણ બાંધકામો ધરાવે છે, જેના કારણે તેમની સુરક્ષા ખૂબ જ આવશ્યક બની જાય છે.

**આ રેલીના મુખ્ય ઉદ્દેશ્યો**

સમુદ્ર કિનારે વસતા સમુદાયોમાં જાગૃતિ ફેલાવવી: નાગરિકોને માદક દ્રવ્ય, હથિયારો અને વિસ્ફોટકોની ચોરી અને સ્મગલિંગ જેવા સંભવિત જોખમો વિશે શિક્ષિત કરવા અને તેમને પ્રોત્સાહન આપવું. સમુદાયોને મજબૂત બનાવવા-સુરક્ષા એજન્સીની ભાગીદારી: સ્થાનિક સમુદાયો અને સુરક્ષા એજન્સીઓ વચ્ચે વધુ સારું સમન્વય પ્રસ્થાપિત કરવો. જેથી એક મજબૂત સુરક્ષા નેટવર્ક વિકસિત થઈ શકે. દેશભક્તિની ભાવનાને જાગૃત કરવી : રાષ્ટ્રીય ગૌરવને પ્રોત્સાહીત કરવી અને સ્વતંત્રતા સેનાનીઓ, સુરક્ષા કમીર્ઓ અને તેમના પરિવારજનો દ્વારા અપાયેલાં બલિદાનોને યાદ કરવા. ભારતની સમૃદ્ધ સાગરીક સંસ્કૃતિનો ઉત્સવ: આ રેલી ભારતની વિવિધ સમુદ્રી પરંપરાઓ, ઈતિહાસ અને ભૂગોળ વિશે લોકોને શિક્ષિત કરવા માટે એક મંચ તરીકે કામ કરશે. જેના કારણે આપણા તટિયાઓના સમુદાયો અને તેમના રાષ્ટ્ર પ્રત્યેના યોગદાનની વધુ પ્રશંસા કરવામાં આવશે.

**ભાગ લેનારાઓની તૈયારી અને સમાવેશ**

ભાગ લેનારાઓ : આ અભિયાનમાં ૧૨૫ CISF કમર્ચારીઓ ભાગ લેશે. જેમાં ૧૪ બહાદુર મહિલાઓ સામેલ છે. આ શક્તિ અને સહનશક્તિનો સંતુલિત પ્રતિક છે. તમામ ભાગીદારોને એક મહિના સુધી વિશેષ તાલીમ આપવામાં આવી છે. જે લાંબા અંતરના સાયકલિંગ માટે જરૂરી પોષણ, સહનશક્તિ અને સલામતી ઉપર કેન્દ્રિત છે.

તૈયારી : સાયકલ ચાલકોએ વ્યાવસાયિક સાયકલિસ્ટો સાથે વિશેષ તાલીમ સત્રમાં ભાગ લીધો છે. જેથી તેઓ લાંબા અંતરના સાયકલિંગના કૌશલ્યો વિકસાવી શકે. આ તાલીમમાં સાયકલની જાળવણી, યોગ્ય મુદ્રા અને અસરકારક પેડલિંગ ટેકનિક જેવી મહત્વની બાબતો શીખવવામાં આવી છે.

**કાર્યક્રમનું ઉદ્ઘાટન અને મુખ્ય આયોજન સ્થળ**

ભારત સરકારના ગૃહ મંત્રાલય અને સહકાર મંત્રી દ્વારા ૭ માર્ચ, ૨૦૨૫ના રોજ આ ઐતિહાસિક કાર્યક્રમનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવશે. આ કાર્યક્રમ રાષ્ટ્રનું ધ્યાન ખેંચે તેવી અપેક્ષા છે. કારણ કે તે સંવેદનશીલ દરિયાકાંઠાના વિસ્તારોમાં રાષ્ટ્રીય સુરક્ષા જાળવવામાં સતકર્તા અને તૈયારીના મહત્વ ઉપર ભાર મૂકે છે.

**આ અભિયાન દરમ્યાન પાંચ મુખ્ય સ્થળોએ વિશેષ કાર્યક્રમો યોજાશે**


લખપત કિલ્લો (ગુજરાત), બક્કાલી (પશ્ચિમ બંગાળ), ગેટવે ઓફ ઈન્ડિયા (મુંબઈ), કોણાર્ક (ઓડિશા), વિવેકાનંદ રોક મેમોરિયલ (કન્યાકુમારી) આ કાર્યક્રમોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, CISF કમર્ચારીઓ સાથે પરસ્પર સત્ર અને કાંઠાના સુરક્ષાને લગતી મહત્વની માહિતી આપવામાં આવશે.



**"સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત" અભિયાન સાથે જોડાઓ"**

CISF તમામ નાગરિકોને આ ઐતિહાસિક સાયકલિંગ રેલીમાં જોડાવા આમંત્રિત કરે છે. તમે આમાં શારીરિક રીતે અથવા વર્ચ્યુઅલી ભાગ લઈ શકો છો. રેલીની પ્રગતિ જાણવા, કાર્યક્રમોમાં ભાગ લેવા અને કાંઠાની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા માટે નીચેની લિંક ઉપર ક્લિક કરો. ચાલો, સુરક્ષિત અને સમૃદ્ધ ભારતના નિર્માણ માટે એકસાથે પ્રયત્ન કરીએ!

# ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિમિટેડ (ખેતી બેંક) દ્વારા ઈન્ડક્શન તાલીમનું આયોજન અને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષની ઉજવણી





અમદાવાદ તા.૬

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય સહકારી મંત્રી અમિત શાહના વિકસિત અને સશક્ત ભારત માટેના વિઝનને અનુરૂપ, ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિમિટેડે એક મહત્વપૂર્ણ ઈન્ડક્શન તાલીમ સત્રનું આયોજન કર્યું અને તેના કર્મચારીઓ અને સમુદાય માટે એક ખાસ કાર્યક્રમ સાથે "આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ-૨૦૨૫" ની ઉજવણી કરી હતી.

આ સત્રમાં સહકારી સંસ્થાઓનું મહત્વ, તેઓ જે મુખ્ય મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે અને મહિલાઓ અને યુવાનોને સશક્તિકરણ કરવામાં તેમની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું એક મુખ્ય આકર્ષણ ખેતી બેંકના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે મિસ નિરમા ઠાકોરનું લોન્ચિંગ હતું. મિસ ઠાકોર, એક નાના ખેડૂતની પુત્રી અને દોડમાં અનેક સુવર્ણ ચંદ્રકો જીતનાર એક કુશળ રમતવીર, સશક્તિકરણ અને શ્રેષ્ઠતાનું સાચું મૂર્ત સ્વરૂપ છે. તેમની સિદ્ધિઓ આત્મનિર્ભર ભારતનું વિઝન પ્રતિબિંબિત કરે છે, અને તે યુવાનો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને તેમના સપનાઓને સાકાર કરવા અને રાષ્ટ્રીય ગૌરવમાં યોગદાન આપવા માટે પ્રેરણારૂપ બનશે.

બ્રાન્ડ એમ્બેસેડર તરીકે, મીસ નિરમા ઠાકોર સમગ્ર ગુજરાતમાં સાક્ષરતા અભિયાનનું નેતૃત્વ કરશે, યુવાનોને એથ્લેટિક્સમાં ભાગ લેવા અને દેશને ગૌરવ અપાવવા માટે પ્રેરિત કરશે. તેમના અભિયાનનો હેતુ યુવાનો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોની મહિલાઓને રમતગમત અને અન્ય પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પ્રેરણા આપવાનો છે જે તેમને તેમની ક્ષમતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આ કાર્યક્રમ દરમિયાન, શ્રીમતી નિરમા ઠાકોરને એક ખાસ બ્રાન્ડ એમ્બેસેડર કીટ આપવામાં આવી હતી, જેમાં જૂતા અને ટી-શર્ટનો સમાવેશ થતો હતો, જે સહકારી મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને યુવાનો અને મહિલાઓને સશક્તિકરણ કરવામાં તેમની ભૂમિકાનું પ્રતીક છે. આ કાર્યક્રમમાં નવા ભરતી થયેલા કર્મચારીઓ, ખાસ કરીને વિકલાંગ કર્મચારીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું, જેમને સહકારી ક્ષેત્રમાં તેમના ઔપચારિક પ્રવેશના ભાગ રૂપે ભરતી ઓર્ડર મળ્યા હતા. આ સંકેત બેંકની સમાવેશ અને વિવિધતા પ્રત્યેની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર શ્રી જેઠાભાઈ આહિર, શ્રી મયંકભાઈ નાયક, રાજ્યસભાના સભ્ય, શ્રી ડોલર કોટેચા, ખેતી બેંકના ચેરમેન, શ્રી જીવણભાઈ આહિર, વાઈસ ચેરમેન ખેતી બેંક, ક્રીભકો ના ડીરેક્ટર શ્રી પરેશભાઈ પટેલ અને ગુજરાત રાજ્ય સહકારી કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક લિમિટેડના ડિરેક્ટરો સહિત પ્રતિષ્ઠિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. સહકારી ક્ષેત્રની સંસ્થાઓ અને તેના કાર્યો તથા યુવા સશક્તિકરણ અને સહકારી ક્ષેત્રમાં મહિલાઓના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા માટે એક ક્વિઝ સ્પર્ધા પણ યોજાઈ હતી. જેમાં પ્રથમ ત્રણ વિજેતાઓને શિલ્ડ એનાયત કરવામાં આવેલ. આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો, જે "વિકસિત ભારત" ના વિઝનને સાકાર કરવા અને બધા માટે સામાજિક અને આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાના સાધન તરીકે સહકારી સંસ્થાઓને ટેકો આપવાની બેંકની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવવા તરફ વધુ એક પગલું હતું.

# પૂ.જલારામ બાપા અંગે કરેલા નિવેદનથી વેરાવળ લોહાણા સમાજમાં રોષ



લોહાણા મહાજનની મળેલ બેઠકમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંત સામે રોષ ઠલવાયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૬

સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ જ્ઞાનપ્રકાશ સ્વામીએ જલારામ બાપા વિશે કરેલા વિવાદાસ્પદ નિવેદનથી લોહાણા સમાજમાં રોષની લાગણી ફેલાઈ છે. આ મુદ્દે વેરાવળ લોહાણા મહાજન વાડી ખાતે રાત્રે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. બેઠકમાં જલારામ મંદિરના ટ્રસ્ટી ભદ્રેશભાઈ દાવડા, લોહાણા મહાજનના પ્રમુખ વિક્રમભાઈ તન્ના, ઉપ પ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા, બાર એસો. પ્રમુખ સૂયકાર્ન્ત સવાણી, બીપીનભાઈ અઢિયા, રઘુવંશી અસ્મિતાના અધ્યક્ષ રાકેશ દેવાણી, પૂર્વ પાલિકા ઉપપ્રમુખ કિશોરભાઈ સમાણી, મહેશભાઈ દતાણી, સમીર પોપટ, અનિશ રાચ્છ, જીતેન્દ્ર ખખ્ખર, દીપક શિંગાળા, મહેન્દ્ર રાજા સહિત સમાજના અગ્રણી આગેવાનોએ હાજરી આપી હતી. સમાજના આગેવાનોએ જ્ઞાનપ્રકાશ સ્વામી દ્વારા જલારામ બાપાના ઈતિહાસને મનઘડંત રીતે રજૂ કરવાની ચેષ્ટાને સખત શબ્દોમાં વખોડી કાઢી છે. લોહાણા મહાજને જાહેર કર્યું છે કે વીરપુરના ગાદીપતિ તરફથી જે આદેશ આવશે તેને સંપૂર્ણ સમર્થન આપવામાં આવશે. જો પુસ્તકમાં પણ આવું વર્ણન હશે તો તે પુસ્તક અને લેખક સામે કાયર્વાહી કરવા સુધીની તૈયારી બતાવી છે. સમાજના આગેવાનોએ જણાવ્યું કે આ નિવેદનથી અઢારે વણર્ા સમાજોની લાગણી દુભાઈ છે. બેઠકમાં બાર એસોસિએશન પ્રમુખ, વેપારીઓ, પત્રકારો અને સમાજના અન્ય આગેવાનોએ હાજરી આપી હતી. સમગ્ર મામલે વીરપુર ગાદીપતિના આદેશ મુજબ આગળની કાયર્વાહી કરવામાં આવશે તેવું મહાજને જણાવ્યું છે.

# શ્રી મારૂ કંસારા સોની સમાજના ગોપાલભાઈ શ્યામજીભાઈ સોનીના આત્મહત્યા કેસની ઝડપી તપાસ અને આરોપી વિરૂધ્ધ કડક કાર્યવાહીની માંગ કરાઈ





જૂનાગઢ તા.૬

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના વિવિધ મંડળો દ્વારા ગાંધીનગરના મુખ્ય પોલીસ અધિકારીને એક આવેદનપત્ર પાઠવીને મારૂ કંસારા સોની સમાજના શ્રી ગોપાલભાઈ શ્યામજીભાઈ સોનીના આત્મહત્યાના કેસની ત્વરીત તપાસ હાથ ધરીને ગુન્હેગારો વિરૂધ્ધ ઝડપી કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે.

આ પત્રમાં વધુમાં જણાવેલ કે, દહેગામ નિવાસી સ્વ.ગોપાલભાઈ શ્યામજીભાઈ સોની છેલ્લા ૫૦ વર્ષોથી ગોપાલજી મંદિરની ટ્રસ્ટની જમીન પર કામધેનુ સો મીલ ચલાવે છે તેમને તથા તેમના પરીવારના સભ્યોને વારંવાર ધમકીઓ અને માનસીક ત્રાસ આપવામાં આવતો હોવાથી તેઓએ આત્મહત્યાનું પગલું ભર્યુ હોવાનું જણાવેલ છે. અને આ બનાવ અંગેની દહેગામ પોલીસ મથકે ફરીયાદ ૪-૨-૨૫ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આ બનાવમાં ત્વરીત તપાસ અને જવાબદાર આરોપીઓ વિરૂધ્ધ તત્કાલીક કાર્યવાહી કરવાની માંગણી પત્રના અંતે કરવામાં આવી છે.

# ભારતીય સંદર્ભમાં ગુજરાત ફૂટબોલ : પરિમલ નથવાણી



ભારતમાં ફૂટબોલ પશ્ચિમ બંગાળ, કેરળ, ગોવા અને પૂર્વોત્તર રાજ્યોમાં અત્યંત લોકપ્રિય છે. ત્યાં તે ખેલકૂદ સંસ્કૃતિનો એક અભિન્ન ભાગ છે. પરંતુ ગુજરાત, જેમાં મજબૂત રમતગમત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની આવડત અને આર્થિક શક્તિ છે, તે હજુ સુધી રાષ્ટ્રીય ફૂટબોલ પરિદ્રશ્યમાં એક મહત્વનું સ્થાન મેળવી શક્યું નથી. ત્યારે પ્રશ્ન થાય છે કે ભારતીય ફૂટબોલમાં ગુજરાતનું સ્થાન શું છે અને તેને કેવી રીતે ઊંચું લાવી શકાય? અલબત્ત એ વાત અલગ છે કે છેલ્લાં થોડાં વષોર્માં રાજ્યમાં ફૂટબોલ પ્રત્યેની જાગરૂકતા વધી છે અને ફૂટબોલને વ્યવસાય તરીકે અપનાવનારાઓનો એક વર્ગ ઊભો થઈ રહ્યો છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન(GSFA) પણ એક ફૂટબોલ સંસ્થા તરીકે પોતાની સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. ગુજરાતમાં ક્રિકેટનું પ્રભુત્વ છે અને તેનો ભારે દબદબો છે અને મજબૂત આધાર પણ છે, જ્યારે ફૂટબોલ તેની સરખામણીમાં ઓછું મહત્વ પામ્યું છે. અમદાવાદ, સુરત અને વડોદરામાં સ્ટેડિયમ અને એકેડેમીઓ હોવા છતાં, પાયાથી ફૂટબોલ પ્રત્યેનો ઉમંગ અન્ય રાજ્યોની સરખામણીમાં ઓછો છે, કારણ કે અમુક રાજ્યોમાં પરંપરાગત રીતે ફૂટબોલનાં મૂળ ઊંડાં છે. ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન(GSFA) છેલ્લાં થોડાં વષોર્માં ઘણું સક્રિય થયું છે, પરંતુ પ્રગતિ હજુ ધીમી છે. ગુજરાતે સંતોષ ટ્રોફી જેવી રાષ્ટ્રીય સ્તરની ટૂર્નામેન્ટમાં ભાગ લીધો છે, પરંતુ કોઈ મોટો પડકાર ઉભો કરી શક્યું નથી. ગુજરાતમાંથી કોઈ પણ ક્લબ આજ સુધી ISL અથવા I-લીગમાં ભાગ લેતી નથી, જે ફૂટબોલ માટે એક મજબૂત ઈકોસિસ્ટમની ગેરહાજરી દર્શાવે છે. ગુજરાતમાં ફૂટબોલને લોકો રોજિંદા જીવનનો ભાગ નથી બનાવતા, જ્યારે પશ્ચિમ બંગાળ, કેરળ અને ગોવામાં આ રમત જીવનશૈલીનો હિસ્સો છે. ગુજરાતના ખેલાડીઓ માટે સ્થાનિક લીગ પછી રાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે ઓછા અવસરો છે. વિશ્વ સ્તરનું ક્રિકેટ સ્ટેડિયમ હોવા છતાં, ગુજરાતમાં ફૂટબોલ માટે સમર્પિત તાલીમ કેન્દ્રો અને એકેડેમીઓ કે સ્ટેડિયમો નથી. ફૂટબોલને ટેકો કરી સહાય આપતા પ્રાયોજકો અને રોકાણકારો ગુજરાતમાં ઓછા છે, જેના કારણે આ રમત રાજ્યમાં વિકાસ પામી શકતી નથી. જો કે આ પરિદ્રશ્ય પણ ક્રમશઃ બદલાઈ રહ્યું હોવાના સંકેતો મળી રહ્યા છે જે આવકારદાયક છે. શાળાઓ અને કોલેજોમાં ફૂટબોલને અભ્યાસક્રમમાં સમાવવો જોઈએ અને વધુ ટૂર્નામેન્ટો આયોજિત કરવી જોઈએ. ગુજરાતમાંથી I-લીગ અથવા ISLમાં ભાગ લેનાર ક્લબો ઉભી કરવી જોઈએ, જે રમતના વિકાસ માટે મહત્વપૂર્ણ છે. ફૂટબોલ માટે સમર્પિત સ્ટેડિયમ અને તાલીમ કેન્દ્રો માટે સરકારી અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી જરૂરી છે. ગુજરાતમાં વિવિધ ઉદ્યોગો ફૂટબોલ ક્લબો અને ટૂર્નામેન્ટ્સમાં રોકાણ કરી શકે, જેથી રમત વિકાસ પામે. ગુજરાતમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફૂટબોલ ઈવેન્ટ્સનાં આયોજનો થવાં જોઈએ, જેનાથી સ્થાનિક ખેલાડીઓને પ્રોત્સાહન મળશે. હાલ જ્યારે ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (GSFA) સતત બીજા વર્ષે ગુજરાત સુપર લીગનું આયોજન કરવા કટિબદ્ધ થઈ રહ્યું છે તેવે સમયે ગુજરાત ફૂટબોલ વિષે મનોમંથન કરી કેટલાક વિચારો કાગળ પર ઉતારવાનો પ્રયાસ કર્યો છે. ટૂંકમા, ગુજરાત પાસે ફૂટબોલ વિકાસ માટે સંસાધનો અને ક્ષમતા છે, પરંતુ તેને રાજ્ય સરકાર, ખેલ સંચાલકો, ખાનગી રોકાણકારો અને સૌથી મહત્વપૂર્ણ - રમતપ્રેમી ગુજરાતીઓની સહાયથી આગળ ધપાવવાની જરૂર છે. યોગ્ય વ્યૂહ રચનાથી, ગુજરાત એક સશક્ત ફૂટબોલ રાજ્ય તરીકે ઉભરી શકે અને ભારતીય ફૂટબોલના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે તેવી પ્રબળ અને ઉજ્જ્વળ સંભાવનાઓ છે. (રાજ્ય સભા સાંસદ પરિમલ નથવાણી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશનના પ્રેસિડેન્ટ છે તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ડાયરેક્ટર, કોર્પોરેટ અફેર્સ છે.)

## અવસાન નોંધ

વિસાવદર : વિસાવદર તાલુકાના જેતલવડ ગામના સિનિયર કોંગ્રેસી આગેવાન નાથાલાલ હરજીવનભાઈ મહેતાના પુત્ર વધુ અને વિસાવદર તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા તથા જેતલવડ સ્કૂલવાળા અરવિંદભાઈ મહેતાના ધર્મપત્ની શ્રીમતી તૃપ્તિ બેન અરવિંદભાઈ મહેતા ઉ.વ.આ.૪૨ (ઔદિત્ય જાલાવાડી બ્રાહ્મણ)નું અવસાન થયેલ છે તેઓ નાથાલાલ હરજીવન ભાઈ મહેતાના પુત્રવધુ તથા ધર્મેન્દ્રભાઈ તથા જીતેન્દ્રભાઈ ના નાનાભાઈ અરવિંદભાઈ ના પત્ની થતા હતા.તેમની સ્મશાન યાત્રા આવતીકાલે સવારે ૮-૦૦કલાકે તેમના નિવાસસ્થાનેથી રાખેલ છે.

# ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગ સ્વરૂપે દ્વારકામાં યોજાશે નારીશક્તિને વંદન કાર્યક્રમ

દ્વારકા તા.૬

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ચેરમેન યોગ સેવક શિશુપાલજી રાજપુતના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં સ્વસ્થ અને નીરોગી જીવન માટેની યોગક્રાંતિ થઈ રહી છે ત્યારે દ્વારકામાં સનાતન સેવા મંડળ ક્રાંતિકારી મુળુભા માણેક સર્કલ દ્વારકા ખાતે સવારે ૧૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ ઓસડ સંસ્થાના સંયુક્ત ઉપક્રમે દ્વારકામાં ૧,૦૦૦થી વધુ મહિલાઓની વિશેષ ઉપસ્થિતિમાં નારી શક્તિને વંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેની તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે આયોજિત આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અંગેની રજીસ્ટ્રેશન લીંક:https://forms.gle/vJ5CBP4NZBDufbFC7માં વિગત ભરી ઉપસ્થિત રહી શકાશે. રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના આ કાર્યક્રમ ની વિશેષ માહિતી માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અંતર્ગત યોગ પ્રચારક ધનાભા જડિયા, મો. ૯૯૨૪૨૬૬૯૫૬, દેવભૂમિ દ્વારકા જિલ્લા નવનિયુક્ત યોગ કોર્ડીનેટર સન્નીભાઈ પુરોહિત મો. ૯૮૨૫૯૭૮૮૨૨ તેમજ જીવીટી ચેરમેન હેમાંગીનીબેન માણેક, મો. ૯૮૨૪૬ ૪૩૩૫૮નો સંપર્ક કરવો.

# સુરજકરાડીના માથાભારે શખ્સને પાસા તળે જેલ હવાલે કરાયો



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૬

ઓખા મંડળના મીઠાપુર તાબેના સુરજકરાડી ગામે રહેતો રાકેશ ધનાભાઈ રોશિયા નામનો ૩૨ વષર્નો શખ્સ છેલ્લા કેટલાક સમયથી વિવિધ પ્રકારના ગુનાઓ સાથે સંડોવાયેલો હતો. જેની સામે સમયાંતરે નોંધાયેલી ફરિયાદો અન્વયે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા માથાભારે શખ્સો સામે કડક હાથે કાયર્વાહી કરવા માટે એલ.સી.બી. પોલીસને આપવામાં આવેલી સૂચનાને અનુલક્ષીને ઉપરોક્ત શખ્સ સામે નોંધાયેલા વિવિધ ગુનાઓ તેમજ તેના ગુનાહિત ઈતિહાસની માહિતી એકત્ર કરી, પી.આઈ. કે.કે. ગોહિલ દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. જે સંદર્ભે જિલ્લા કલેક્ટર આર.એમ. તન્ના સમક્ષ મૂકવામાં આવેલી આ દરખાસ્ત અંગે તેમના દ્વારા તકેદારીના ભાગરૂપે ત્વરિત નિર્ણય લઈ અને આરોપી રાકેશ ધના રોશીયાના પાસા મંજૂર કરી, તેની સામે અટકાયતી વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. જે સંદર્ભે મીઠાપુરના પી.આઈ. ડી.એન. વાંઝા તેમજ ટીમ દ્વારા ઉપરોક્ત આરોપીને ઝડપી લઈ, પાસા એક્ટ હેઠળ વોરંટની બજવણી કરવામાં આવી હતી. ત્યારબાદ તેને સુરતની લાજપોર મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવાની તજવીજ કરાઈ હતી.


PGVCL

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જુનાગઢ

ફોન: ૦૨૮૫-૨૬૨૨૧૬૩/૨૬૨૨૧૦૬ ફેક્સ ૦૨૮૫-૨૬૫૦૬૬૫

www.pgvcl.com & http://guj-epd.gov.in

PGVCL

નિવીદા –૩૦૫/૨૦૨૫

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી જુનાગઢ હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા-જુદા કામો/માલસામાન ખરીદી માટે સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી. થી ભાવો મંગાવવામાં આવે છે. ઉપરોક્ત વિગત પી.જી.વી.સી.એલ. ની વેબ સાઈટ https://tender.guvnl.com અને ઓન લાઈન ટેન્ડર https://tender.nprocure.com ઉપરથી મળી શકશે તથા વિભાગીય કચેરીના નોટીસ બોર્ડ ઉપરથી મળી શકશે.

ટોલ ફ્રી નં. ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ અને ૧૯૧૨૨ | અધિક્ષક ઇજનેર

ઉર્જા બચાવો, પોતાના તથા રાષ્ટ્રના હિત માટે | જુનાગઢ

# પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભૂતવડ દ્વારા પશુપાલકો માટે એક દિવસીય તાલીમ અને મુલાકાત કાર્યક્રમનું આયોજન કરાયું

જૂનાગઢ, તા.૬

પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભૂતવડ તાલુકા ધોરાજી દ્વારા બાયફ સંસ્થાના સહયોગથી અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ૪૫ પશુપાલકો માટે વૈજ્ઞાનિક પશુપાલન વિષય ઉપર એક દિવસીય તાલીમ અને મુલાકાત કાર્યક્રમ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં સહ-પ્રાધ્યાપક ડો.શીશભાઈ સવસાણી દ્વારા વૈજ્ઞાનિક પશુપોષણ વિષય ઉપર અને પ્રાધ્યાપક અને વડા શ્રી ડો. મહેશભાઈ ગડરિયા દ્વારા વૈજ્ઞાનિક પશુપાલન વિષય ઉપર પ્રાસંગિક ઉદબોધન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રશ્નોત્તરી સત્ર યોજાયું હતું. તેમજ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, જૂનાગઢના પશુચિકિત્સાલય, શરીર રચના શાસ્ત્ર વિભાગ, ગાયનાકોલોજી




વિભાગમાં મ્યુઝીયમમાં પશુપાલકોની મુલાકાત યોજાઈ હતી. જેમાં પ્રાધ્યાપકો ડો. ડામોર, ડો. નીલીમા બ્રમ્હભટ્ટ અને ડો. વિષ્ણુદેવ કુમાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમ સત્ર દરમ્યાન વેટેરીનરી કોલેજના સહ-પ્રાધ્યાપક ડો. ગર્ગ અને બાયફ સંસ્થાના ડો. તુષાર બામ્બણીયા ઉપસ્થિત રહ્યા હતા. તાલીમના બીજા સત્રમાં કામધેનુ યુનિવર્સીટીના પશુ ઉછેર કેન્દ્ર, જુનાગઢ ખાતે પશુપાલકોની મુલાકાત યોજાઈ હતી અને મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો.વિજયભાઈ કરંગીયા દ્વારા ગીર ગાય અને જાફરાબાદી ભેંસનું વૈજ્ઞાનિક વ્યવસ્થાપન બાબત પ્રાત્યક્ષિક ઉદાહરણો દ્વારા સરસ માહિતી આપવામાં આવી હતી. આ એક દિવસની તાલીમ અને મુલાકાત કાર્યક્રમ દ્વારા મળેલ વૈજ્ઞાનિક માહિતી બાબતે પશુપાલક તાલીમાર્થીઓએ આનંદ વ્યક્ત કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન અને સંચાલન બદલ બાયફ સંસ્થા, રાજુલાના શ્રી ડો. તુષાર બામ્બણીયા, પશુચિકિત્સા અધિકારીશ્રી પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભુતવડ, વેટેરીનરી કોલેજના આચાય ડો. પી.એચ.ટાંક, પશુ ઉછેર કેન્દ્ર, જૂનાગઢના સંશોધન વૈજ્ઞાનિક ડો. મુલરાજ ઓડેદરા, પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભુતવડના નોડલ અધિકારી ડો. સુરેન્દ્ર સાવરકર, વેટેરીનરી કોલેજના અંકુર દેસાઈ, ડો. અલ્પેશ સુથાર અને વેટરનરી કોલેજના વિદ્યાથીર્ઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતીઆ સમગ્ર કાર્યક્રમના સફળ આયોજન અને સંચાલન બદલ બાયફ સંસ્થા, રાજુલાના ડો. તુષાર બામ્બણીયા, પશુચિકિત્સા અધિકારી પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભુતવડ, વેટેરીનરી કોલેજના આચાય ડો. પી.એચ.ટાંક, પશુ ઉછેર કેન્દ્ર, જૂનાગઢના સંશોધન વૈજ્ઞાનિક ડો. મુલરાજ ઓડેદરા, પશુ વિજ્ઞાન કેન્દ્ર, ભુતવડના નોડલ અધિકારી ડો. સુરેન્દ્ર સાવરકર, વેટેરીનરી કોલેજના અંકુર દેસાઈ, ડો. અલ્પેશ સુથાર અને વેટરનરી કોલેજના વિદ્યાથીર્ઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.


# ગીરમાં પ્રધાનમંત્રી સાથે સંવાદ કરનારા મહિલા કમર્યોગીઓના પ્રતિભાવો

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે સંવાદનો અવસર મળતા વન અને વન્ય જીવના સંરક્ષણ માટે કામ કરવા વધુ પ્રોત્સાહન અને પ્રેરણા મળી છે : વન રક્ષક વંદનાબેન વાલવાણી

જૂનાગઢ, તા.૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સાસણ ગીરની મુલાકાત દરમ્યાન ખાસ કરીને વન અને વન્યજીવોના સંરક્ષણ માટે ફિલ્ડમાં કામ કરતાં વન વિભાગના મહિલા વનપાલ, વન રક્ષક, બીટગાર્ડ અને ઈકો ગાઈડ સાથે પ્રેરક સંવાદ કર્યો હતો. આ મહિલા કમર્યોગીઓ વડાપ્રધાન સાથે સંવાદ કરવાનો અવસર મળતા ગૌરવ અનુભવે છે અને વન અને વન્ય જીવ સૃષ્ટિના રક્ષણ સંવર્ધનની કામગીરીમાં પ્રેરણા સાથે બળ મળ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે વિશ્વ વન્યજીવ દિવસ નિમિત્તે આયોજિત આ ખાસ સંવાદ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સાથે વાતચીત કરવાની તક મળી હતી, તેવા કાસીયા નેશમાં ફરજ બજાવતા વન રક્ષક વંદનાબેન વાલવાણી કહે છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે સંવાદ કરવાથી વન અને વન્ય જીવના સંરક્ષણ માટે કામ કરવા પ્રત્યે વધુ પ્રોત્સાહન અને પ્રેરણા મળી છે, ભવિષ્યમાં પણ વન અને



## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પણ જંગલ વિસ્તારમાં વન અને વન્યજીવો સંરક્ષણ માટે કામ કરી રહેલી મહિલાઓ માટે ખૂબ ગર્વ છેઃ ઈકો ગાઈડ અચર્નાબેન શેવરા

વન્યજીવનના સંરક્ષણ માટે સારી રીતે કામ કરવા માટે પ્રધાનમંત્રીશ્રીએ ખૂબ ઉપયોગી માર્ગદર્શન આપ્યું છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રીની એશિયાઈ સિંહો માટેની લાગણી અને વન્યજીવો પ્રત્યેનો પ્રેમ આ સંવાદ દરમિયાન ઉજાગર થયો હતો. ઉપરાંત વન અને વન્યજીવનના સંરક્ષણ માટે પ્રધાનમંત્રીશ્રી અને વન વિભાગના કમર્ચારીઓ કેટલી પ્રતિબદ્ધતા ધરાવે છે, તે તમામ વાતો કરી હતી. વંદનાબેન વાલવાણી પોતાને નસીબદાર માને છે કે, વૈશ્વિક નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાથે વાતચીત કરવાની તક મળી.

આગામી દિવસોમાં વિશ્વ મહિલા દિવસ આવે છે તે સંદભર્માં તેમણે ખાસ મહિલાઓને કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી, આગળ વધવા માટે નૂતન સંકલ્પ કરવા માટે અનુરોધ કર્યો હતો.

દેવળીયા સફારી પાકર્માં ઈકો ગાઈડ તરીકે કાર્ય કરી રહેલા નમીરા બ્લોચ કહે છે, આ સંવાદમાં પ્રધાનમંત્રીએ જંગલ બચાવવા માટે પ્રેરિત કર્યા હતા, તેમણે કહ્યું કે, અહીં આવતા પ્રવાસીઓ તમારી વાતને માને છે અને સપોર્ટ પણ કરે છે. ત્યારે આપના દ્વારા અપાયેલો સંદેશ ખૂબ મહત્વનો બની રહે છે. જંગલ આપણા અને આવનારી પેઢી માટે ખૂબ જરૂરી છે, જંગલ થકી શુદ્ધ ઓક્સિજન મળી રહે છે સાથે જ બિમારીઓથી બચાવ થાય છે, ઉપરાંત ભાવિપેઢી જંગલ થકી સુખી થશે. તેમ જણાવતા પ્રધાનમંત્રીએ જંગલના રક્ષણ માટે આગવા પ્રયાસ કરવા પ્રેરણા પૂરી પાડી હતી.

તેવા જ એક દેવડીયા સફારી પાકર્માં ઈકો ગાઈડ તરીકે ફરજ બજાવતા અને વડાપ્રધાન સંવાદમાં જોડાયેલા અચર્નાબેન શેવરાએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પણ જંગલ વિસ્તારમાં વન અને વન્યજીવો સંરક્ષણ માટે કામ કરી રહેલી મહિલાઓ માટે ખૂબ ગર્વ છે.

# દિવ્યાંગો માટેની વિવિધ સરકારી યોજનાઓ અંગે ભાસ્કરભાઈ પારેખ દ્વારા નિઃશુલ્ક માર્ગદર્શન




રાજકોટ તા. ૬

દિવ્યાંગો માટે ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકારની એનકવિધ યોજનાઓ જેવી કે પેન્શન, બસ પાસ, રેલ્વે પાસ નિરામયા યોજના (વિમો), ગાર્ડીયનશીપ સર્ટીફીકેટ, સાધન સહાય યોજના તેમજ દિવ્યાંગોની લગતી સરકારી તમામ યોજનાઓ કાર્યરત હોય છે. અપુરતા જ્ઞાન, પ્રમાણમાં સીમીત શિક્ષણ કે નિરક્ષરતા, પેપર વર્ક અંગેની આળસ અને અણઆવડત, ઉદાસીનતા કે બિમારીને લઈને વ્યાપ્ત નિરાશા વિગેરે જેવા કારણોને લઈને મોટાભાગનાં દિવ્યાંગો સરકારની મળવાપાત્ર યોજનાઓનો લાભ લઈ શકતા નથી અને હેરાન થતા હોય છે. દિવ્યાંગો માટે સતત કાર્યરત, સીનીયર સીટીઝન અને ભુતપુર્વ ગર્વમેન્ટ અધિકારી તેમજ દિવ્યાંગ બાળકો માટેની 'પ્રયાસ' સ્કૂલના સેક્રેટરી ભાસ્કરભાઈ પારેખ દ્વારા દિવ્યાંગો માટે 'નિઃશુલ્ક માર્ગદર્શન કેન્દ્ર' છેલ્લા ૨૦ વર્ષથી ચાલી રહયું છે. જેનો અત્યાર સુધીમાં સેંકડો દિવ્યાંગોને લાભ મળી ચૂકયો છે. ઉલ્લેખનિય છે કે ભાસ્કરભાઈ પારેખનાં પુત્ર જિમીશે અત્યાર સુધીમાં બે વાર રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવ્યા છે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ સ્થાનીક સતાધીશો દ્વારા અનેકવાર સન્માન મેળવ્યું છે. ભાસ્કરભાઈ પારેખ પણ દિવ્યાંગો અંગેની માહિતી સૌને આપવા ભારત ભરમાં પરીભ્રમણ કરી ચૂકયા છે. તેમજ દેશના અન્ય રાજયોમાં પણ દિવ્યાંગ બાળકોના વાલીઓ ભાસ્કરભાઈ પારેખનું માર્ગદર્શન સતત મેળવતા રહે છે. હાલમાં સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ ઓનલાઈન રાશન કાર્ડ ઈ-કે.વાય.સી. ફરજીયાત કરવામાં આવ્યું છે. ભાસ્કરભાઈ પારેખ દ્વારા દિવ્યાંગ બાળકો તેમજ તેમના પરિવારજનો માટે ઓનલાઈન રાશન કાર્ડ ઈ-કે.વાય.સી. કેમ્પ પણ યોજવામાં આવે છે.

ભાસ્કરભાઈ દર સોમવારે અને દર બુધવારે સવારે ૯–૩૦ થી બપોરે ૧૨–૩૦ દરમ્યાન રામકૃષ્ણ આશ્રમ, ડો. યાજ્ઞીક રોડ, રૂમ નં. ૨૦૩, રાજકોટ ખાતે દર મંગળવારે મિતલ ખેતાણી 'જનપથ', ૨-તપોવન સોસાયટીનો ખૂણો, સરાઝા બેકરી પાસે, હોલીડે પ્લાઝા બીલ્ડીંગની સામે, અક્ષર માર્ગ મેઈન રોડ, રાજકોટ ખાતે તેમજ દર ગુરૂવારે પ્રયાસ પેરેન્ટસ એસોસીએશન ફોર સ્પેશયલ ચાઈલ્ડ સ્કૂલ, સ્કૂલ નં. ૬૯, અંબાજી કડવા પ્લોટ-૨, ધોળકીયા સ્કૂલ પાસે તેમજ દર શુક્રવારે સીવીલ હોસ્પિટલ, રૂમ નં. ૨૩-સી, રાજકોટ ખાતે મળશે. ભાસ્કરભાઈ પારેખ દિવ્યાંગો તથા તેમના વાલીઓને મળી રૂબરૂ, નિઃશુલ્ક માર્ગદર્શન આપશે. જેનો લાભ લેવા સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના દિવ્યાંગ બાળકો, યુવાન, વડીલો તેમજ તેમના સગા-વ્હાલાઓને જાહેર વિનંતી કરાઈ છે. વિશેષ માહિતી માટે ભાસ્કરભાઈ પારેખ (મો. ૯૪૨૬૩ ૧૭૭૬૩) નો સંપર્ક કરી શકાય છે.

# ડો.સુભાષ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ અને આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિકોનો સોનેરી સંગમ





જૂનાગઢ, તા.૬

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ એટલે ભારતની વૈજ્ઞાનિક પ્રગતિ અને નવીનતા પ્રત્યેની પ્રતિબધ્ધતા. પ્રસિધ્ધ વૈજ્ઞાનિક ડો. સી.વી.રામન દ્વારા ૧૯૨૮માં કરાયેલી શોધ 'રમન અસર'ની સ્મૃતિ રૂપે તારીખ ૨૮ ફેબ્રુઆરીના રોજ વિજ્ઞાન દિવસ નિમિત્તે રાષ્ટ્ર વિજ્ઞાન સંબંધિત ઉત્તરોત્તર ઉપલબ્ધિઓ હાંસલ કરે એવા સંકલ્પ સાથે ડો. સુભાષ યુનિવર્સિટી ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ ઉપક્રમે બેલારૂસના સાયન્ટીફીક પ્રેક્ટિકલ મટીરીઅલ્સ રીસર્ચ સેન્ટરના વૈજ્ઞાનિક **Dr. Sergei Sharko** અને **Nataliya Sharko** ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે ઈનોવેશન અને વૈશ્વિક બૌધ્ધિક સંપદા ભારતીય યુવાનોમાં ઘણી જ છે અને તે જ્ઞાન વિશ્વને મળે એવા આદર્શ વિચારો થકી આંતરરાષ્ટ્રીય સ્તરે લેબોરેટરીમાં કામ કરવા માટે નવોદિત વૈજ્ઞાનિકો જોડાય. આ પ્રસંગે ડીપાર્ટમેન્ટ ઓફ નેનો સાયન્સ એન્ડ એડવાન્સ મટીરીઅલ્સ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના પ્રોફેસર અને હેડ પ્રો. ભરત કટારીયાએ પણ "નેનો સાયન્સ : સ્મોલ વન્ડર્સ" વિશે વ્યાખ્યાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સી.વી.એમ.યુનિવર્સિટીના આસીસ્ટન્ટ પ્રોફેસર ડો. ધનંજય ધ્રુવની પણ વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે જણાવ્યું કે જયારે દેશ વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન તરફ આગેકૂચ કરે છે ત્યારે સંશોધન અને નવીનતામાં સતત મનોમંથન અને નેતૃત્વ એ સ્થાયી વિકાસ માટે મહત્વપૂર્ણ બની રહેશે. ઉપરાંત આ તકે ડો. સુભાષ યુનિવર્સિટીમાં ઈસરો દ્વારા ચાલતા નોડલ સેન્ટરમાં સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી અવેરનેશ ઓનલાઈન ટ્રેનિંગના પ્રોગ્રામમાં જે અધ્યાપકો અને વિદ્યાથીર્ઓએ ભાગ લીધેલ હતો તેમને પ્રમાણપત્ર એનાયત કરેલ હતા. આ તકે ડો. સુભાષ યુનિવર્સિટીના પ્રો.વોસ્ટ ડો.દીપક પટેલ, રજીસ્ટ્રાર ડો. જે.જે.પટેલ, પરીક્ષા નિયામકશ્રી ડો. વિમલ પરમાર, સ્કુલ ઓફ સાયન્સના ડીન ડો. મયંક પંડયા, વિવિધ વિદ્યાશાખાઓના ડીન તેમજ અધ્યાપકોએ કાર્યક્રમને શોભાવ્યો હતો. ડો. ઘનશ્યામ જાદવ, પ્રો. સમીર ગેડીયા તેમજ સ્ટાફમિત્રોને આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના પ્રમુખ રાજભાઈ ચાવડાએ શુભકામનાઓ પાઠવી હતી.

# જૂનાગઢ એસ.બી.આઈ ગ્રામ સ્વરોજગાર તાલીમ સંસ્થા દ્વારા કૃષિ અને ગ્રામ્ય સ્મૃદ્ધિ માટે વેબીનાર યોજાયો





જૂનાગઢ, તા.૬

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના માર્ગદર્શન હેઠળ કૃષિ અને ગ્રામ્ય સ્મૃદ્ધિ પર એસ.બી.આઈ ગ્રામ સ્વરોજગાર તાલીમ સંસ્થા જૂનાગઢ અને લીડ બેંક દ્વારા ખેડૂતોને સસ્તી અને સરળ લોન આપવા માટે સરકારની નવી પહેલ અંતર્ગત ઓનલાઈન પોસ્ટ-બજેટ વેબીનાર યોજાયો હતો. જેમાં કેન્દ્ર બજેટ ૨૦૨૫-૨૬ની ઘોષણાઓના અમલ પર ચર્ચા કરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૃષિ ક્ષેત્રના હિતધારકોને બજેટના અસરકારક અમલ માટે સૂચનો આપતા વિડીયો માધ્યમથી કહ્યું કે કૃષિ અને ગ્રામ્ય વિકાસની યોજનાઓનો અસરકારક અમલી બનાવવા માટે ખેડૂતો કૃષિ નિષ્ણાતો અને અન્ય સંબંધીત લોકોના વિચારો અને સૂચનો મહત્વપૂર્ણ છે. આથી સરકારને બજેટની યોજનાઓને વધુ અસરકારક રીતે અમલમાં લાવવામાં મદદ મળશે અને કૃષિ ક્ષેત્રને મજબૂતી મળશે. **KCC** યોજના કૃષિ ઉત્પાદન ક્ષમતા વધારવા અને ખેડૂતોની આવક વધારવા માટે મહત્વપૂર્ણ બની છે. દ્વઝઝ-સુધારેલી વ્યાજ સહાય યોજના હેઠળ ૪% ની અસરકારક અનુદાનિત વ્યાજ દર પર ખેડૂતોને લોન આપવામાં આવે છે.

જૂનાગઢ જિલ્લાના ખેડૂતોને કિસાન ક્રેડિટ કાડર્નો વધુમાં વધુ લાભ લેવા તેમજ પહેલાની રૂા. ૩ લાખ સુધીની રકમને વધારીને રૂા. ૫ લાખ કરવામાં આવી છે. કિસાન ક્રેડિટ કાર્ડ ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડે છે, અને ખેતી સાથે સંબંધિત ખચાર્ઓને પરિપૂર્ણ કરવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કિસાન ક્રેડિટ કાડર્નો વ્યાજ દર વાર્ષિક ૭% છે. ખેડૂતોને રાહત આપવા માટે વ્યાજ પર સબસીડી પણ આપે છે. જો ખેડૂતો સમયસર લોન ચૂકવે છે, તો તેમને ૩% વ્યાજ સબસીડી મળે છે, જેના કારણે કિસાન ક્રેડિટ કાડર્નો અસરકારક વ્યાજ દર ૪% થાય છે. આ તકે એસ.બી.આઈના એલ.ડી.એમશ્રી જી.એન. રાઠવા તથા આર.સેટી ડાયરેક્ટર પી.આર.મુછાળ, આરસેટી સ્ટાફ ગણ તેમજ જૂનાગઢ જિલ્લાના ખેડૂતો પણ આ વેબિનારમાં ઉપસ્થિત રહ્યા હતા

# રાજ્ય સરકાર દ્વારા સમાન સિવિલ કોડ સમિતિને અહેવાલ રજૂ કરવા વધુ ૪૫ દિવસની મુદત અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૬

રાજ્ય સરકાર દ્વારા સમાન સિવિલ કોડ સમિતિને અહેવાલ રજૂ કરવા વધુ ૪૫ દિવસની મુદત આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા તા.૪-૨-૨૦૨૫ના ઠરાવથી રાજ્યમાં સમાન સિવિલ કાયદાની આવશ્યકતા ચકાસવા તથા કાયદાનો મુસદ્દો તૈયાર કરવા સમાન સિવિલ કોડ સમિતિની રચના કરવામાં આવી છે. ગુજરાતના રહેવાસીઓ, સરકારી એજન્સીઓ, બિન-સરકારી સંસ્થાઓ, સામાજિક જૂથો અને સમુદાયો, ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષો સહિત ગુજરાત સ્થિત સંસ્થાઓ સમાન સિવિલ કોડ અંગે વધુમાં વધુ પોતાના સૂચનો-મંતવ્યો રજૂ કરી શકે અને તેને ધ્યાને લઈ સમિતિ કાયદાની આવશ્યકતા ચકાસી કાયદાનો મુસદ્દો તૈયાર કરી શકે તે હેતુથી અહેવાલ રજૂ કરવાની મુદત વધારી આપવા સમિતિ દ્વારા રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા તા.૪-૩-૨૦૨૫ના ઠરાવથી સમાન સિવિલ કોડ સમિતિને અહેવાલ રજૂ કરવા વધુ ૪૫ દિવસની મુદત આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સમિતિ દ્વારા **UCC** સંદર્ભે સરકારના વિવિધ આયોગો, વિવિધ ધાર્મિક સંસ્થાઓ અને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજવામાં હતી. વધુ પ્રતિભાવો મેળવવાના ભાગરૂપે સમિતિ દ્વારા વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ સમાન સિવિલ કોડ અંગે અભિપ્રાયો મેળવવામાં આવશે.

# જૂનાગઢ : જીલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના હેઠળ જૂનાગઢમાં બેટરી ટેસ્ટનું આયોજન

જૂનાગઢ, તા.૬

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજયમાં રમતગમતના વિકાસ અને વિદ્યાથીર્ઓમાં રમતગમત પ્રત્યે રુચિ ધરાવે તે માટે જિલ્લાકક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અમલમાં મૂકાશે. આ અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માટે જુનાગઢ જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટનું આયોજન સરદાર પટેલ રમત સંકુલ, ગાંધીગ્રામ, જુનાગઢ ખાતે કરવામાં આવશે.

હાલમાં ચાલતા ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત અંડર-૯ અને અંડર-૧૧ વય જૂથના વિજેતા ખેલાડીઓને જિલ્લામાં યોજાનાર બેટરી ટેસ્ટ માટે પાત્રતા આપવામાં આવી છે. જુનાગઢ જિલ્લાના ૯ તાલુકા અને જુનાગઢ મહાનગરપાલિકાના ૮ ઝોનમાં યોજાયેલી ૩૦ મીટર દોડ, ૫૦ મીટર દોડ અને સ્ટેન્ડીંગ બ્રોડ જમ્પ સ્પધાર્માં એકથી આઠમાં ક્રમાંકે વિજેતા થનાર ભાઈઓએ તા. ૧૧ માર્ચ, ૨૦૨૫ અને બહેનો તા. ૧૨ માર્ચ, ૨૦૨૫ આ ટેસ્ટમાં ભાગ લઈ શકશે. જિલ્લાકક્ષા બેટરી ટેસ્ટમાં પસંદગી થયેલ ખેલાડીઓ રાજયકક્ષા પરીક્ષામાં ભાગ લઈ શકશે. રાજયકક્ષાની પરીક્ષામાં મેરીટ મુજબ ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટ્સ સ્કૂલમાં પસંદગી કરવામાં આવશે.પસંદ થયેલ ખેલાડીઓને ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ યોજનાના લાભો પ્રાપ્ત થશે, જેમાં સવાર-સાંજ નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ આપવામાં આવશે. આ યોજના હેઠળ પસંદ થયેલા ખેલાડીઓને નિવાસી શાળાઓમાં પ્રવેશ આપવામાં આવશે તથા નિશુલ્ક શિક્ષણ, અભ્યાસ માટે જરૂરી સ્ટેશનરી, પુસ્તકો, નિવાસ, ભોજન, શાળાનો ગણવેશ, ટુર્નામેન્ટ એક્સપોઝર તેમજ રમતગમત માટે અત્યાધુનિક સાધનો અને સ્પોર્ટ્સ કીટ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ અંગે વધુ માહિતી માટે જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, જુનાગઢનો સંપર્ક મો. ૭૮૫૯૯ ૪૬૯૮૪ ઉપર કરવા જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી ભૂષણકુમાર યાદવ દ્વારા જણાવાયું છે.

# ખંભાળિયાની બદીયાણી હોસ્પિટલમાં રવિવારે નેત્ર કેમ્પ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૬

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવ સેવા સમિતિ સંચાલિત એલ.પી. બદીયાણી હોસ્પિટલ (જામનગર રોડ) ખાતે આગામી રવિવાર તારીખ ૯ ના રોજ વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર, તથા દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. યુ.કે. તથા કેનેડાના દાતા રાજા પરિવારના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ નેત્ર કેમ્પમાં રવિવારે સવારે ૯ થી ૧૧:૩૦ વાગ્યા સુધી દદીર્ઓને વિના મૂલ્યે આંખોના રોગનું નિદાન કરી, સારવાર તેમજ દવા વિતરણ પણ કરવામાં આવશે. આ કેમ્પમાં વિરનગરની જાણીતી શિવાનંદ મિશન હોસ્પિટલના ડોક્ટરો તેમજ ટેકનીશીયનો તેઓની સેવાઓ આપશે. જરૂરિયાતવાળા દદીર્ઓને આ જ દિવસે વિરનગર લઈ જઈ, અને વિના મૂલ્યે નેત્રામણી સાથેનું ઓપરેશન કરી આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના લોકોને માનવ સેવા સમિતિના પ્રમુખ મનુભાઈ પાબારી દ્વારા અનુરોધ કરાયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નવી શિક્ષણ નીતિ પર દક્ષિણની ભડકાઉ રાજનીતિ


પ્રસિદ્ધ ગ્રીક ફિલસૂફ પ્લેટો અનુસાર, 'શિક્ષણ રાજનીતિનું દાસ નથી, બલ્કે સત્ય અને પ્રગતિનું માર્ગદર્શક હોવું જોઈએ.' દુર્ભાગ્યે બ્રિટિશ શાસનમાં મેકોલે અને સ્વતંત્રતા બાદ વિભિન્ન રાજકીય પક્ષો અને તેની સાથે જોડાયેલા શિક્ષણવિદોએ રાજકીય સ્વાર્થો માટે શિક્ષણનો દુરુપયોગ કર્યો, જેનાથી છાત્રો, સમાજ અને રાષ્ટ્રને ઘણું નુક્સાન થયું. હાલમાં પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને લઈને તમિલનાડુ સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સાથે કરવામાં આવી રહેલી રસાકસી બિલકુલ વણજોઈતી છે, સાથે જ તે તમિલનાડુના છાત્રોના હિતમાં પણ નથી. તે ભારતીય બંધારણની ભાવનાને અનુરૂપ પણ નથી. વર્તમાન વિવાદ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિન દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (એનઈપ) ૨૦૨૦ના કેટલીક જોગવાઈઓ, વિશેષ કરીને તેની ભાષાકીય જોગવાઈઓને લઈને પેદા થયો છે. સ્ટાલિન એનઈપીના કેટલાય પાસાં, જેમ કે ત્રિભાષા સૂત્ર અને કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટનો વિરોધ કરી રહ્યા છે. ત્રિભાષા સૂત્રને લઈને તેમનો આરોપ છે કે તે તમિલનાડુ પર હિંદી અને સંસ્કૃત થોપે છે અને તેનાથી તમિલ ભાષા અને સંસ્કૃતિ પર ખતરો છે. સ્ટાલિને એનઈપીને સમગ્ર શિક્ષણ અભિયાન અને પીએમશ્રી સ્કૂલ સાથે જોડવા માટે પણ કેન્દ્ર સરકારની ટીકા કરી છે અને વડાપ્રધાન મોદી સાથે સમગ્ર શિક્ષણ અભિયાન અંતર્ગત ધન જારી કરવાની અપીલ કરી છે. તે ઉપરાંત તેમણે ભારતીય બંધારણના સંઘીય ચરિત્રનો પણ હવાલો આપ્યો છે કે શિક્ષણ સમવર્તી યાદીમાં આવે છે અને તેમાં રાજ્યોને પૂરી સ્વાયત્તતા છે.

તમિલનાડુની આગામી વિધાનસભા ચૂંટણીઓ પહેલાં રાજકીય લાભ ખાટવાની કોશિશમાં સ્ટાલિન સરકાર આ પ્રકારના દાવા કરી રહી છે. એ આશંકામાં કે દ્રમુક આ મુદ્દા પર રાજકીય લાભ ન ઉઠાવી લે, તમિલનાડુની વિભિન્ન રાજકીય પાર્ટીઓ પણ સ્ટાલિનના સૂરમાં સૂર પૂરાવી રહી છે. મુદ્દાને સંપૂર્ણ રીતે સમજવા માટે એનઈપી-૨૦૨૦ની નિર્માણ પ્રક્રિયાને જાણવી પ્રાસંગિક રહેશે. ૨૧મી સદીની સામાજિક, આર્થિક અને ટેકનિકલ પડકારોનો સામનો કરવા માટે તૈયાર થયેલી એનઈપી-૨૦૨૦ને દુનિયાભરમાં વખાણવામાં આવી છે. તમિલનાડુ સહિત દેશના ચારે ખૂણેથી ૨.૫ લાખ ગ્રામ પંચાયતો અને ૬૭૬ જિલ્લાના શિક્ષણવિદો, જનપ્રતિનિધિઓ તરફથી પ્રાપ્ત સૂચનોના આધાર પર તૈયાર કરાયેલ એનઈપી-૨૦૨૦ સાચા અર્થમાં રાષ્ટ્રીય છે. એનઈપી તૈયાર કરનારી સમિતિના અધ્યક્ષ કે.કસ્તૂરીરંગન ખુદ તમિલ મૂળના છે. એનઈપી તો ભારતીય ભાષાઓ અને બહુભાષાવાદને ઉત્તેજન આપે છે. તેમાં બંધારણની આઠમી અનુસૂચિની તમામ ૨૨ ભાષાઓ સામેલ છે. નવું ત્રિભાષા સૂત્ર પહેલાં એટલે કે ૧૯૬૮ અને ૧૯૮૬ની ત્રિભાષા નીતિઓની તુલનામાં વધારે સમાવેશી અને લચીલું છે. પહેલાંની ત્રિભાષા નીતિમાં હિંદી-ભાષી રાજ્યોમાં અંગ્રેજી, હિંદી અને એક અન્ય ભારતીય ભાષા ભણાવવામાં આવતી હતી, જ્યારે હિંદી સિવાયનાં રાજ્યોમાં અંગ્રેજી, રાજ્યની પ્રાદેશિક ભાષા અને હિંદીની જોગવાઈ હતી, પરંતુ નવી નીતિમાં છાત્ર કોઈપણ બે ભારતીય ભાષાઓ ભણી શકે છે. હવે હિંદી કે કોઈપણ ભાષા વિશેષ અનિવાર્ય નથી એટલે કે તમિલનાડુ કે કોઈપણ રાજ્યનો છાત્ર તેલગુ, મલયાલમ, કન્નડ, મરાઠી, હિંદ, સંસ્કૃત, કે આઠમી અનુસૂચિની કોઈપણ ભાષા ભણી શકે છે. તેથી સ્ટાલિનનો એ દાવો કે તમિલનાડુ પર હિંદી કે સંસ્કૃત થોપવામાં આવી રહી છે તે બિલકુલ ભ્રામક અને ભડકાઉ છે.

નવા ત્રિભાષા સૂત્રથી છાત્રોને અન્ય ભાષાઓ અને સંસ્કૃતિઓને સમજવાનો અવસર મળશે. તેનાથી તમિલનાડુ સહિત તમામ રાજ્યોના લોકોને વેપાર, વ્યવસાય અને અન્ય ક્રિયાકલાપોમાં આસાની રહેશે. બંધારણીય દષ્ટિકોણથી પણ ત્રિભાષા નીતિ ભારતીય બંધારણની ભાવનાને અનુરૂપ છે, કારણ કે ત્રિભાષાથી ઉપજેલા બહુભાષાવાદથી લોકોમાં પરસ્પર સમજ અને આત્મીયતા વધશે. ભાષાઓ માત્ર સંચારનું માધ્યમ નહીં, સાહિત્ય-સાંસ્કૃતિક સમજને વિકસિત કરીને સામાજિક સૌહાર્દને ઉત્તેજન પણ આપે છે. શિક્ષણ સમવર્તી યાદીમાં છે, પરંતુ અનુચ્છેદ ૨૫૪ અનુસાર જો રાજ્ય અને કેન્દ્રના કાયદામાં વિરોધાભાસ હોય તો કેન્દ્રનો કાયદો જ પ્રભાવી ગણાશે. તે ઉપરાંત અનુચ્છેદ ૨૫૭ એ સુનિશ્ચિત કરે છે કે રાજ્ય સરકારો એવાં પગલાં ન ઉઠાવે, જે કેન્દ્રની નીતિઓમાં અવરોધ બને. કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ કે મલ્ટીપલ એન્ટ્રી-એક્ઝિટ જેવી વ્યવસ્થા તો પ્રશંસનીય અને છાત્રહિતમાં છે. તેનો વિરોધ વિશુદ્ધ રાજકારણ જ છે. જો ભવિષ્યોન્મુખી એનઈપી-૨૦૨૦ તમિલનાડુમાં લાગ નહીં થાય તો ત્યાંના છાત્ર રાષ્ટ્રીય અને વૈશ્વિક અવસરોથી વંચિત રહી જશે. સ્ટાલિન પાયાવિહોણા આરોપો લગાવી રહ્યા છે કે મોદી સરકાર તમિલ ભાષા અને સંસ્કૃતિને કમજોર કરી રહી છે, જ્યારે મોદી તો સંભવતઃ પહેલા એવા વડાપ્રધાન છે, જેમણે તમિલ ભાષા-સંસ્કૃતિને ઉત્તેજન આપવાનો સૌથી વધારે પ્રયાસ કર્યો છે. તમિલ કવિ-દાર્શનિક તિરુવલ્લુવરના નામે વિશ્વભરમાં તિરુવલ્લુવર સાંસ્કૃતિક કેન્દ્ર સ્થાપિત કરવાની યોજના, તમિલ સાહિત્યને ઉત્તેજન આપવા માટે તિરુક્કુરલ અને અનેક પ્રાચીન તમિલ ગ્રંથોનો વિભિન્ન ભાષાઓમાં અનુવાદ કરાવીને તેમને પ્રસારિત કરવા, વારાણસીમાં 'કાશી-તમિલ સંગમમ' દ્વારા ઉત્તર ભારતમાં તમિલ ભાષા-સંસ્કૃતિના પ્રચારની દૂરદર્શી પહેલ, તમિલ કવિ સુબ્રમણ્યમ ભારતીની જયંતી પર દેશભરમાં ભારતીય ભાષા ઉત્સવ મનાવવો કે તમિલ ભાષામાં વિભિન્ન અખિલ ભારતીય પરીક્ષાઓનું આયોજન કરાવવું, આ તમામ પગલાં વડાપ્રધાન મોદીની તમિલ ભાષા-સંસ્કૃતિ પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા જ દર્શાવે છે.

# શું આપ પાર્ટી હવે હિંદુવાદી હોવાનું દર્શાવવા તરફ જઈ રહેલ છે ???

## આપના પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીનું જિલ્લાના હિન્દુ ધાર્મિક સ્થાનોને દૂર કરવા સબંધે વિચારણીય નિવેદન





(સુરેશચંદ્ર ધોકાઈ દ્વારા)

ઓખા પોર્ટ તા.૬

આ અંગે બહાર આવેલ વિગતો મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ આશરે ૩૫૦ જેટલા જેમાં હિન્દુના ૯૦% જેટલા ધાર્મિક સ્થળો સરકારી જમીન ઉપર બીન અધિકૃત દબાણ કરીને ઉભા કરવામાં આવ્યા હોય તેને દૂર કરવા માટે જે તે વિસ્તારના મામલતદાર દ્વારા જે તે મંદિર, મસ્જીદ, દરગાહના વહીવટદાર કે જવાબદારને દિવસ પંદરમાં આવા દબાણો સ્વેઈચ્છીક દૂર કરવા નોટિસ આપવામાં આવેલ છે. જેના કારણોમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને આધાર બનાવી તેનો ફરજિયાત અમલ કરવો જરૂરી હોય તેમ જે તે કબજેદારને નોટિસ આપવામા આવેલ છે. અહી આ ચુકાદામાં કરાયેલ ઉલ્લેખ મુજબ તે છે કે કોઈ પણ સરકારી જમીન ઉપરના બીન અધિકૃત દબાણો બાંધકામો દૂર કરવાના રહેશે અને તેમાં કોઈ ભેદભાવ રાખ્યા વગર ધાર્મિક સ્થળો આવતા હોય તો તેનો પણ તેમાં સમાવેશ થતો હોય તો તેને પણ દૂર કરવાના. જીલ્લા કોંગ્રેસ અગ્રણી પાલભાઈ પ્રત્યાઘાત આપતા જણાવે છે કે તંત્ર દ્વારા અહીં સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અર્થ ફક્ત અને ફક્ત ધાર્મિક સ્થળો પૂરતો જ કરવામાં આવ્યો હોય તેમ રાજયમાં નહિ પણ જીલ્લામાં જ આવેલ ઉદ્યોગો એસ.પી.એલ. ટાટા અને કંઈક કેટલાય ઉદ્યોગોને લાખો ચોરસ મીટર સરકારી પડતર કે ખરાબાની કે ગૌચરની જમીન ખુદ આપણા તંત્ર દ્વારા જ આપવામાં આવેલ છે. અત્રે ઉલલેખનીય છે કે જીલ્લાના ૯૦% જેટલા રાજકારણી, અમીર, અમલદાર કે જવાબદાર નાગરિક એવો નહિ હોય જેણે સરકારી જમીન ઉપર દબાણના કર્યા હોય ત્યારે તેને ધ્યાન ઉપર લેવાના બદલે ફકત પ્રજાના આસ્થાના પ્રતીકોને બીન અધિકૃત દબાણમાં ગણી તેને દૂર કરવાનું વિચારવું પણ કેવું અને કેટલું વ્યાજબી ગણાય કારણ કે આ ધામિક સ્થાનો દરેકના આસ્થાના પ્રતીકો અને તેમની લાગણી સાથે જોડાયેલ હોય છે. અહીં જે ધાર્મિક સ્થાનો દૂર કરવા નોટિસો આપવામાં આવેલ છે તે આજકાલના નહિ પણ આઝાદી પહેલાના સમયના કે પૌરાણિક સ્થાનો છે.

ત્યારે આ પ્રશ્રે પ્રજામાં રોષની લાગણી ફેલાવા સાથે સાથે આમ આદમી પાટીર્ના પ્રદેશ પ્રમુખ અને ગત વિધાનસભાની સામાન્ય ચૂંટણી આજ જીલ્લામાંથી લડેલા પત્રકારમાંથી રાજકારણી બનેલ ઈશુદાન ગઢવીએ પહેલી પ્રત્તીક્રિયા આપતા જણાવેલ કે વિનાશ કાલે વિપરીત બુદ્ધિ ? સરકારને જમીનની ખરેખર જરૂરિયાત હોય તો પહેલા ભાજપની ઓફિસો જેવા કમલમો ઉદ્યગગૃહોને અપાયેલ જમીનો ખાલી કરાવો બાકી દરેક કોમના આસ્થાના સ્થાનોને દૂર કરી તેમની ધાર્મિક લાગણી દુભાવી કેટલી વ્યાજબી છે ? જ્યારે જન પ્રતિનિધિઓમાં પણ તંત્રની આ નોટિસનો જોરદાર વિરોધ ઉઠ્યો હોય તેવા પ્રત્યાઘાત આવી રહ્યા છે જે મુજબ આ ધાર્મિક સ્થાનો નિર્માણ પામેલ ત્યારે તંત્ર તો આ નોટિસ આપનાર જ હતું. તો ત્યારે શા માટે અટકાવ્યા નહિ કે આ ધાર્મિક સ્થાનોના વિકાસમાં પણ ધારાસભ્ય, સાંસદ અને સ્થાનિક પંચાયતોની લાખો રૂપિયાની સરકાર ની ગ્રાન્ટ વાપરવામાં આવેલ છે. ત્યારે શું આજ તંત્ર ના ધ્યાન ઉપર આવેલ નહિ કે આ જમીન જ બીન અધિકૃત દબાણ ધરાવતી છે ? આજે આજ સ્થાનો નાના મોટા ગામોમાં પ્રજાના મેળાવડાના સ્થળો જેવા બની ગયા છે અને સરકાર વિકાસના કામોમાં પ્રજાને વધુમાં વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરવા હમેશા પ્રયત્નશીલ હોય છે ત્યારે આ સ્થાનોને દૂર કરી તંત્ર શું પ્રજાને સુવિધાના બદલે દુવિધામાં મુકવા માંગે છે? ત્યારે અત્યારનો જનઆક્રોશ જોઈ આવનારા દિવસોમાં આ પ્રશ્ને લોક આંદોલન ચાલુ થવાની શક્યતા પણ નકારી શકાતી નથી. બીજી બાજુ થોડા સમય પહેલા જ ઓખામંડળ તાલુકામાં ઓપરેશન મેગા ડીમોલેશનના નામે બહુ મોટું બીન અધિકૃત દબાણ દૂર કરવામાં આવેલ ત્યારે તેને ટેસ્ટ કેસ તરીકે ચેક કરવા ચોક્કસ કોમના ધાર્મિક સ્થળોને નિશાન બનાવવામાં આવેલ પરંતુ તેમના દ્વારા આ અંગે કોઈ પ્રત્યાઘાત સ્વરૂપે વિરોધના કરતા શું તંત્રને ખ્યાલ આવી ગયો હશે કે ભાઈ હવે આપણે આપણી જવાબદારીમાંથી નીકળવા આપણા જ ધર્મ સ્થાનોને પણ ઓપરેશન ડીમોલેશન દ્વારા દૂર કરી જુઓ રાજયમાં કાયદો કાયદાનું કામ કરે છે તેવું દર્શાવવાના ઉદેશ સાથે આ નોટિસો આપવામાં આવેલ છે તે તપાસનો વિષય બનવા પામેલ છે.

# વર્ષ ૨૦૨૪માં દેશ-વિદેશના ૧૮ કરોડથી વધુ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી : પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા

## પોરબંદર જિલ્લામાં ગાંધી કોરિડોરના વિકાસ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં વિશેષ જોગવાઈ કરાઈ : બરડા સર્કિટના નવલખા સૂર્ય મંદિર, ઘુમલી, આશાપુરા મંદિરથી સોનકંસારી ડેરા, મોડપરનો કિલ્લો, જાંબુવંતીની ગુફા, ફૂલનાથ મહાદેવ મંદિર સહિતનાં સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે : પ્રવાસન મંત્રીશ્રી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૬

વિધાનસભાના પ્રશ્નોત્તરી કાળ દરમિયાન રાજયમાં પ્રવાસનના વિકાસ અંગેની વિગતો આપતાં પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું કે દેશના વતર્માન વડાપ્રધાન અને રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા 'ખુશ્બૂ ગુજરાત કીપ' જેવા કેમ્પેઈન દ્વારા દેશવિદેશથી પ્રવાસીઓ ગુજરાત આવતાં થયા છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. જે મુજબ ગત વર્ષે દેશ-વિદેશના કુલ આશરે ૧૮ કરોડથી વધારે પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી હતી. બરડા ડુંગર સર્કિટના વિકાસ અંગેની વિગતો આપતાં મંત્રી બેરાએ જણાવ્યું કે બરડા સર્કિટમાં આવેલાં નવલખા સૂર્ય મંદિર, ઘુમલી, આશાપુરા મંદિરથી સોનકંસારી ડેરા સુધીનો પાથ-વે, મોડપરનો કિલ્લો, જાંબુવંતીની ગુફા, ફૂલનાથ મહાદેવ મંદિર સહિતના સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે પીએમસીની નિમણૂક તથા ટેન્ડરિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેના માટે આશરે રૂા. ૪૦ કરોડ જેટલી રકમનો ખર્ચ થવાનો અંદાજ છે તેમ મંત્રીએ જણાવ્યું હતું. જ્યારે બરડા સર્કિટના કિલેશ્વર મહાદેવ મંદિર પરિસરના વિકાસ માટે વન વિભાગ દ્વારા કિલેશ્વર ખાતે આવેલ ફોટર્ના રિનોવેશન તેમજ સમગ્ર સાઈટને હેરિટેજ તરીકે વિકસાવવા માટે રૂા.૧૮.૪૪ કરોડની દરખાસ્ત તૈયાર કરી પ્રવાસન પ્રભાગને રજૂ કરવામાં આવી છે, જે હાલ વિચારણા હેઠળ હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. વધુમાં, પ્રવાસન મંત્રીએ જણાવ્યું કે પોરબંદર જિલ્લાના કર્લી (મોકરસાગર) રિચાર્જ જળાશયને રૂા.૨૦૦ કરોડના ખર્ચે પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. તાજેતરમાં જ વડાપ્રધાનશ્રીના હસ્તે તેનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું છે. હાલ મોટી સંખ્યામાં વિદેશી પંખીઓ પણ અહીં આવતાં થયાં છે. વધુમાં, રૂા. ૪૦.૩૮ કરોડના ખર્ચે અસમાવતી રિવરફ્રન્ટનું કામ પૂર્ણ કરી, છાયા નગરપાલિકાને સોંપી દેવામાં આવ્યો છે. આ જ પ્રકારે મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ એવા પોરબંદર જિલ્લામાં ગાંધી કોરિડોરના વિકાસ માટે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂા. ૨.૫૦ કરોડની જોગવાઈ સૂચિત કરવામાં આવી છે, જ્યારે રાજયમાં અલગ અલગ બીચના વિકાસ માટે રૂા.૨૦ કરોડની જોગવાઈ કરી, સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે

. જેમાં પોરબંદર જિલ્લાના વિસાવડા અને મિયાણી બીચનો સમાવેશ કરવામાં આવ્યો હોવાનું પ્રવાસન મંત્રીએ જણાવ્યું હતું.

# માનવતાની મિશાલ : વેરાવળમાં ખોવાયેલા ૩ લાખના દાગીના એલસીબીએ મૂળ માલિકને પરત કર્યા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૬

ગીર સોમનાથ એલસીબી પોલીસે માનવતાની મિશાલ પેશ કરી છે. તાલાલાના ઘુસીયા ગામના રહેવાસી અજયકુમાર વેજાભાઈ અને તેમની પત્ની ૩ માચર્ના રોજ બાઈક ઉપર વેરાવળ જઈ રહ્યા હતા. રસ્તામાં તેમની પત્નીના થેલામાંથી આશરે ૩ લાખ રૂપિયાની કિંમતના સોનાના દાગીના ગુમ થયા હતા. આ દાગીનામાં બે જોડી બુટી અને એક હારનો સમાવેશ થતો હતો. દંપતીએ ઘુસીયાથી વેરાવળ સુધીના સમગ્ર માર્ગ ઉપર શોધખોળ કરી, પરંતુ દાગીના ન મળતાં પ્રાંચી પાટણ પોલીસ સ્ટેશનમાં અરજી નોંધાવી. ત્યારબાદ તેમણે એલસીબીના એએસઆઈ લાલજીભાઈને જાણ કરી. એએસઆઈએ ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. જાડેજાને વાત કરી, જેમણે તરત જ સીસીટીવી અને અન્ય સ્ત્રોતો દ્વારા તપાસ શરૂ કરી. સાંજે એલસીબીના પોલીસ હેડ કોન્સ્ટેબલ નટુભા બસીયાને વેરાવળના જાગનાથ સોસાયટીના રહેવાસી કનુભાઈ પટગીર અને તખુભાઈ પટગીરનો ફોન આવ્યો. તેમના ભાઈ ભરતભાઈ ગોલણભાઈ પટગીરને નમસ્તે હોટલ, નાયરા પંપ પાસેથી દાગીનાનું પર્સ મળ્યું હતું. ભરતભાઈ રાજકોટ જવાની ઉતાવળમાં હોવાથી પર્સ તેમના ભાઈઓને સોંપી ગયા હતા. બંને ભાઈઓએ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. જાડેજાનો સંપર્ક કર્યો અને દાગીના પરત કર્યા. પોલીસે તાત્કાલિક દાગીના મૂળ માલિકને પરત કરી માનવતાની મિશાલ પેશ કરી છે.

# સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ : તા.૨૬ માર્ચે તાલુકા અને તા.૨૭ માર્ચે જિલ્લા કક્ષા સ્વાગત કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

નાગરિકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે સ્વાગત ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ જિલ્લામાં તા.૨૭ માર્ચ, ૨૦૨૫ ગુરૂવારના સવારે ૧૧ કલાકે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ જિલ્લા મથકે યોજાશે, જિલ્લા કલેક્ટર અને સંબંધિત ખાતાના અધિકારીઓ આ પ્રશ્નો સાંભળશે. તા.૨૬ માર્ચ, ૨૦૨૫ બુધવારના રોજ સવારે ૧૧ કલાકે દરેક તાલુકા મથકે ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે, જેમાં સંબંધિત અધિકારીઓ તાલુકા મથકે ઉપસ્થિત રહેશે. નાગરિકો તેમના પ્રશ્નો જે-તે ગામના તલાટીને દર મહિનાની ૧૦ તારીખ સુધીમાં રજૂ કરી શકશે. જિલ્લા કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પડતર પ્રશ્નો જૂનાગઢ જિલ્લા કલેક્ટર કચેરી અને તાલુકા તથા ગ્રામ કક્ષાએ નિકાલ કરવા પાત્ર હોય તેવા પ્રશ્નો અરજદારોએ જે-તે તાલુકા મામલતદાર કચેરી અને ગ્રામ પંચાયત કચેરીને તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં સીધા પણ રજૂ કરી શકશે.

નાગરિકોએ જિલ્લા સ્વાગતમાં ઓનલાઈન અરજી દર માસની તા.૧૦ તારીખ સુધીમાં કરવી. નાગરિકોએ પ્રશ્નો, રજૂઆતો, ફરિયાદો સાથે જરુરી વિગતો અને પુરાવાઓ સાથે રજૂ કરવા. જે પ્રશ્ન, રજૂઆતનો નિકાલ તાલુકાકક્ષાએ થતો હોય તે અરજી તાલુકાકક્ષાના સ્વાગત કાર્યક્રમ માટે કરવી. તાલુકાકક્ષાએ જે અરજીઓનો નિકાલ ન થયો હોય તેવી અરજીઓનો જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં સમાવેશ થશે. એક જ સમયે અનેક વિષયોને લગતી રજૂઆતો કરી શકાશે નહી. અરજદારે HTTP://SWAGAT.GUJARAT.GOV.IN/CITIZEN_ENTRY_DS.ASPX?FRMVIEWS ઉપર ઓનલાઈન અરજી કરવી, તેમ જૂનાગઢ જિલ્લા નિવાસી અધિક કલેક્ટરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પરનિંદા સમાન બીજું કોઈ પાપ નથી.

- શ્રી રામચરીત માનસ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા. મહેર-૧૩૯૪, મુ. રમજાન-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ફાગણ સુદ-૭ હોળાષ્ટક (સવારે ૧૦:૫૨ ક.થી શરૂ) તા.૬ માર્ચ ૨૦૨૫, ગુરૂવાર, પારસી તા.૨૪, મુસ્લિમ તા.૫, રોહિણી નક્ષત્ર, વિષ્કુંભ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૧૧, સૂ.અ.૬:૫૬
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રવાસમાં સફળતા મળે. સ્નેહિથી મિલન થાય.
વૃષભ:સ્વજનની મદદ મળે. મૂંઝવણ દૂર થાય. આરોગ્ય જાળવવું હિતાવહ.
મિથુન:નવા કાર્ય માટે સાનુકૂળતા. મનની મુરાદ બર આવે.
કર્ક: પરિવારજનોમાં યશ, વૃધ્ધિ રહેશે. માંગલિક પ્રસંગોનું આયોજન થાય.
સિંહ: ખર્ચ-ખરીદીના યોગ છે. આરોગ્ય સારૂં રહે.
કન્યા: આર્થિક પ્રગતિ થાય. નજીકના સગાથી મિલન-મુલાકાત થાય.
તુલા: આવક વધારવાની તક મળે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.
વૃશ્ચિક:વિવાહના કાર્યમાં સફળતા મળે. આયોજન થાય. આર્થિક સ્થિતિ સુધરે.
ધન: કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ. મન મેળ સાધી શકશો.
મકર: પ્રતિસ્પર્ધિને હંફાવી શકો. કોર્ટ-કચેરીના કાર્યોમાં લાભ થાય.
કુંભ: મનમાં અશાંતિ સર્જાય. અધ્યાત્મિક કાર્યોમાં મન પરોવાય.
મીન: માનસિક વ્યથા-વેદના વધે. ચિંતાનો ઉકેલ મળે.

## રાજુલાના ચોત્રા ગામે મંદિરમાંથી થયેલ દાનપેટીની ચોરીનો ભેદ ઉકેલાયો

# ગીર સોમનાથ એલસીબીએ બે તડકરોને કોડીનારથી ઝડપી પાડ્યા : એક તસ્કર રીઢો આરોપી, પ્રોહિબિશન, જુગાર સહિત અન્ય સાત ગુન્હા પણ નોંધાયેલ છે

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૬

રાજુલાના ચોત્રા ગામે ચાર માસ અગાઉ મોમાઈ માતાજી મંદિરમાંથી દાન પેટીની ચોરીના ગુન્હાના આરોપીને ગીર સોમનાથ એલ.સી.એ કોડીનારમાંથી ઝડપી પાડ્યા છે. બન્ને આરોપીઓ પાસેથી રોકડ અને મોટરસાયકલ મળી ૯૪ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાયર્વાહી હાથ ધરી છે. ગીર સોમનાથ એલ.સી.બી.ના પીઆઈ એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ પો.સબ ઈન્સ. એ.સી.સિંધવ તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન એલ.સી.બી.ના એ.એસ.આઈ. શૈલેષભાઈ ડોડીયા તથા પો.હેડ કોન્સ. લલીતભાઈ ચુડાસમા નાઓને મળેલ બાતમી આધારે વાહન ચેકીંગ દરમ્યાન કોડીનાર વડનગર રોડ જીગર પંચરની દુકાન પાસેથી પસાર થઈ રહેલા કોડીનારમાં ૫૧૨ કવાટર્સ પાછળ ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા અજય ઉર્ફે ભુરો જીજાભાઈ સોલંકી, તેમજ ગીર ગઢડાના કોદીયા ગામે રહેતા મહેશભાઈ ધનજીભાઈ ચુડાસમાને રોકી ચેક કરતા તેની પાસે રહેલ રોકડ રકમ બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય જેથી વધુ યુકિતપ્રયુકિતથી પુછપરછ કરતા આ રોકડ રકમ તેઓએ આજથી ચારેક મહીના પહેલા રાજુલા તાલુકાના ચોત્રા ગામે મોમાઈ માતાજીના મંદીરમાંથી દાનપેટીની ચોરી કરેલનું જણાવતા. પોલીસે બન્ને ઈસમોની રૂા.૪૩૬૮૦ની રોકડ તેમજ જીજે-૩૨-એએચ-૧૭૫૨ નંબરની મોટરસાયકલ અને મોબાઈલ ફોન મળી કુલ ૯૪૬૮૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાયર્વાહી હાથ ધરી છે. ઝડપાયેલા બંને ઈસમો પૈકી અજય ઉર્ફે ભુરો જીજાભાઈ સોલંકી રીઢો ગુન્હેગાર હોવાનું અને તેની વિરૂદ્ધ કોડીનાર અને ગીર ગઢડામાં દારૂ, જુગાર ના અન્ય સાત ગુન્હા પણ નોંધાયેલ હોવાનું પોલીસ દ્વારા જણાવવામાં આવેલ છે.

# ડો. સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ જૂનાગઢના યુનિટ ૧/૨ની રાષ્ટ્રીય સેવા યોજનાની ખાસ શિબિરનો પૂર્ણાહૂતિ સમારોહ યોજાયો





જૂનાગઢ, તા.૭

એન.એસ.એસ. યુનિટનુ સિદ્ધાંત વાક્ય છે **NO me but yoy** અર્થાત મેરા નહીં તેરા.જે નિસ્વાર્થ સમાજ સેવા અને રાષ્ટ્ર સેવાની આવશ્યકતા નું સમર્થન કરે છે,જે સુખ કે સુવિધા મળવા પાત્ર છે તે મને નહીં પહેલા અન્યને મળે. રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતિક ચિન્હ ઓરિસ્સાના કોર્ણાકનાં સૂર્યમંદિરના રથચક્ર પરથી લેવામાં આવેલ છે. પૂર્ણાહૂતિ સમારંભનો પ્રારંભ સંસ્થાના સ્થાપક પૂજ્ય બાપુજી એટલે કે શ્રી પેથલજીભાઈના કાર્યો અને સેવાનો પરિચય આપતા સ્મરણાંજલિ ગાનથી કરાયો હતો. ત્યારબાદ સરસ્વતી માતાજીને મહાનુભાવોના હસ્તે ફૂલહાર કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રોગ્રામ ઓફિસર પ્રા. ચેતનાબેન ચુડાસમાએ રાષ્ટ્રીય યોજનાનો બખૂબી પૂર્ણ પરિચય કરાવ્યો હતો. ખાસ શિબિરની પૂર્ણાહૂતિ પ્રસંગે પધારેલા મહાનુભાવોમાં શ્રી રાજભાઈ ચાવડા (પ્રમુખ ડો.સુભાષ યુનિવર્સિટી) તથા ઈ.સી.મેમ્બર ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના રાજેશભાઈ વડોદરિયા, એન.એસ.એસ. કોઓર્ડીનેટર પરાગભાઈ દેવાણીનું સાલ ઓઢાડી આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના કર્મઠ અને વિદ્વાન આચાર્ય શ્રી બલરામ ચાવડાએ રાષ્ટ્રહિત અને સમાજસેવા કાર્યને બિરદાવતા જણાવેલ કે આપણી કોલેજ વિદ્યાર્થીલક્ષી સતત કાર્યક્રમો યોજે છે. ભૂતકાળની શિબિરોમાં ગ્રામ સફાઈ કરતા શેરી સજાવુ એવા ગીતો ગવાતા,લોકો આપણને મદદ કરતા, ગામડાંમાં સૂત્રો લખતા એ સમય જુદો જ હતો, આજે એ.આઈ. ટેકનોલોજી આવી ગઈ છે ત્યારે જુદા જ પ્રકારે ગ્રામ જાગૃતિ માટે સાઈબર ક્રાઈમ રોકવા માટેનો સંદેશ અપાય છે.તેઓએ એન.એસ.એસ. યુનિટ ઉતમ કામ કરે છે તેથી અભિનંદન પાઠવ્યા હતા.

ત્યારબાદ ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના એન.એસ.એસ.કોઓર્ડીનેટર પરાગભાઈ દેવાણીએ જણાવ્યું હતું કે મારી દષ્ટિએ વિશ્વના પ્રથમ સમાજશાસ્ત્રી ભગવાન કૃષ્ણ હતા. આવી શિબિરોમાંથી સેવાના સંસ્કાર મળે છે. સાચુ ભારત ગામડાંમા વસે છે.આપણે હવે કોમ્પ્યુટર નોલેજથી પૂર્ણ અવગત ગામડાવાળાએ થવાની જરુર છે. એન.એસ.એસ.ની પ્રવૃત્તિ માં આપણને બીજા નંબરની યુનિવર્સિટીને રાજય સ્તરે સ્થાન મળ્યું છે,આપણે રાજય સ્તરે એન.એસ.એસ.ના વોલેન્ટિયર મોકલ્યા છે.

આ ખાસ શિબિરમાં અતિથિ વિશેષ તરીકે નીચેના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ડો.પરાગભાઈ દેવાણી,કારાભાઈ ભાદરકા,(પૂર્વ સરપંચ ખડિયા) ડો.ભાવસિંહ ડોડીયા,શ્રી રાજુભાઈ ડાંગર (પૂર્વ ચેરમેનજિલ્લા પંચાયત) શ્રી ભીખાભાઈ ચૌહાણ અગ્રણી ખડિયા ગામ.

કાર્યક્રમના અંતે અધ્યક્ષપદેથી ડો.સુભાષ યુનિવર્સિટીના પ્રમુખશ્રી રાજભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે આ પ્રકારની શિબીરોથી વિદ્યાર્થીઓમાં સમાજસેવા સ્વચ્છતા અને સમૂહ જીવનના ગુણો કેળવાય છે તેથી આ પ્રકારની શિબિરોથી વિદ્યાથીર્નાં જીવનનું અનોખું ઘડતર થાય છે ,આ સંસ્થાથી નવી સ્થપાયેલી ડો. સુભાષ યુનિવર્સિટીએ ડગ માંડેલા છે એવી આ જૂની સંસ્થા છે. વિશેષમાં જણાવેલ કે આપણા દેશની ઘણી ટેકનોલોજી વિશ્વથી આગળ છે એવું મારા વિદેશ પ્રવાસોના અનુભવોમાં અનુભવાયુ છે. તેઓએ સૌને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી. આ શિબિર માટે સંસ્થાના કમર્ચારી ડો. નરેશ સોલંકી પ્રા.દિવ્યેશ ઢોલા અને યોગેશભાઈ ચૌહાણ તથા બંને પ્રોગ્રામ ઓફિસર ચેતનાબેન ચુડાસમા અને ડો.બી.એમ.પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રા.નયનાબેન ગજજરે કર્યું હતું કાર્યક્રમના અંતે એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો. બીપીનભાઈ પટેલે સૌનો આભાર માન્યો હતો. ખાસ શિબિરમાં પૂર્ણાહૂતિ પ્રસંગમાં સહુ મિસ્ટ ભોજન લઈ છૂટા પડ્યા પણ કેટલાક અનુભવો અને સેવાનું ભાથુ ભેગુ બાંધ્યાનો ભાવ દરેક વિદ્યાર્થી સેવતા હતા.

## જૂનાગઢ : કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહનો સંભવિત પ્રવાસ કાર્યક્રમ

### જિલ્લા તંત્ર દ્વારા આયોજન અંતર્ગત બેઠક યોજાઈ

જૂનાગઢ, તા.૬

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ આગામી તારીખ ૮ માર્ચના રોજ ચાપરડા બ્રહ્માનંદ ધામ ખાતે મુલાકાત લેશે. સંભવત પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કલેકટર અનિલકુમાર રાણા વસિયના અધ્યક્ષસ્થાને એસપી ભગીરથસિંહ જાડેજા સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં પૂર્વ તૈયારી અને જરૂરી બંદોબસ્ત અંગે બેઠક યોજાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ ચાપરડા ખાતે શૈક્ષણિક પ્રકલ્પોના વિકાસ કાયોર્નાં લોકાર્પણ અને ખાત મુહુતર્નાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

# કોડીનાર નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી





પ્રમુખ તરીકે આબેદાબેન નકવી અને ઉપપ્રમુખ તરીકે શિવાભાઈ સોલંકીની બિન હરીફ વરણી : ભારતીય જનતા પાર્ટી અને માજી સાંસદ દિનુભાઈ સોલંકી જૂથનો પાલિકામાં દબદબો યથાવત

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૬

છેલ્લા અઢી વષથી કોડીનાર નગરપાલિકામાં વહીવટદારનું શાસન બાદ તાજેતરમાં યોજાયેલ કોડીનાર નગરપાલિકાની ચૂંટણી યોજાય હતી આ ચૂંટણીમાં ભાજપે ૪ બેઠકો બિનહરીફ જીત્યા બાદ બાકીની ૨૪ બેઠકો ઉપર પણ ભવ્ય વિજય મેળવી પાલિકાની તમામ ૨૮ બેઠકો કબજે કરી ભગવો લહેરાવી છેલ્લા ત્રણ દાયકાથી કોડીનાર પાલિકા ઉપર ભાજપનું શાસન યથાવત રાખ્યું હતું. પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ ચાલતી કોડીનાર નગરપાલિકામાં પ્રમુખ, ઉપ પ્રમુખ અને હોદેદારોની ચૂંટણી કોડીનાર નગરપાલિકા ખાતે તમામ સભ્યોની હાજરીમાં ઉના ડેપ્યુટી કલેકટર કૌશિક પરમારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં પાલિકાના પ્રમુખ તરીકે અબીદાખાતુંન અહેસાનહૈદર નકવી અને ઉપપ્રમુખ તરીકે પ્રતાપસિંહ ઉર્ફે શીવાભાઈ હમીરભાઈ સોલંકી અને કારોબારી ચેરમેન તરીકે વિવેકભાઈ મનુભાઈ મેરનું મેન્ડેટ રજૂ થયું હતું. સમગ્ર પ્રક્રિયા દરમ્યાન મેન્ડેન્ટ સામે અન્ય કોઈ ફોર્મ ન ભરતા આ બન્ને ઉમેદવારો બિનહરીફ પ્રમુખ ઉપપ્રમુખ તરીકે જાહેર થયા હતા.

ભારતીય જનતા પાર્ટી એ ગત ટર્મમાં પણ મુસ્લિમ મહિલાને પ્રમુખ બનાવ્યા બાદ આ વખતે પણ ફરી એક વખત પ્રથમ વખત ચૂંટણી લડેલા અને બિન હરીફ વિજેતા થયેલ મુસ્લિમ મહિલા આબેદા ખાતુંન નકવી ની પ્રમુખ તરીકે પસંદગી કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે નગરપાલિકા ચૂંટણીમાં ભાજપે ૯ મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપતા ભાજપના તમામ ૯ મુસ્લિમ સભ્યો વિજેતા થયા હતા. કોડીનાર નગરપાલિકામાં પ્રમુખ ઉપ પ્રમુખની વરણી બાદ કોડીનાર નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને હાલના નવાં નિમાયેલા ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે વહીવટદારના અઢી વષર્નાં શાસન દરમ્યાન શહેરના વિકાસની કામગીરી ઘણી ધીમી પડી છે અને શહેરની લાઈટ પાણી અને સફાઈમાં પણ કચાસ હોવાથી આગામી સમયમાં અમારી પ્રથમ પ્રાયોરિટી પ્રાથમિક સુવિધા તત્કાલ પૂરી કરવાની કામગીરીની રહશે. અમે કોડીનારના સર્વાંગી વિકાસના અટકેલા તમામ કાર્યો તાત્કાલિક વેગ વંતા બનાવી પૂર્ણ કરીશું.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પહેલા અદાણી ફાઉન્ડેશન દ્વારા ૧,૦૦૦ થી વધુ ‘લખપતિ દીદીઓ’નું સન્માન

## જાતિ-સમાવેશક સમાજ બનાવવાના પુનરોચ્ચાર સાથેમહિલાઓની આત્મનિર્ભરતાને પ્રોત્સાહન




(પ્રતિનિધિ દ્વારા)

મુન્દ્રા, ૦૬

આગામી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ(૦૮ માર્ચ, ૨૦૨૫) પહેલાઅદાણી ફાઉન્ડેશન દ્વારા મુન્દ્રામાં ૧,૦૦૦ થી વધુ ’લખપતિ દીદીઓ’નું સન્માન કરવામાં આવ્યું.

અદાણી ફાઉન્ડેશન મહિલાઓને સશક્ત બનાવવા અને તેમને આત્મનિર્ભર બનાવવા માટે અથાક પ્રયાસ કરી રહ્યું છે. મહિલાઓને જરૂરી સમર્થન અને માર્ગદર્શન પૂરું પાડીને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતાની તકો પૂરી પાડીને ફાઉન્ડેશન તેમની સામાજિક-આર્થિક સ્થિતિ તેમજ નાણાકીય સ્વતંત્રતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે લિંગ-સમાવેશક કાર્યબળ અને સમાજ બનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતાફાઉન્ડેશને અદાણી સોલારમાં કામ કરતી ૬૧૪ થી વધુ મહિલાઓની સામૂહિક સ્થિતિસ્થાપકતાની ઉજવણી પણ કરી. ફાઉન્ડેશને મહિલાઓનેએકત્રીતઅનેસલાહ-સૂચનથી પ્રોત્સાહિત કરીઅદાણી સોલારમાં વિવિધ નોકરીઓપૂરી પાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.જેમાં ટેકનિકલ સહયોગીઓ, માનવ સંસાધન (ઉંઈ), ઉત્પાદન અને ઉત્પાદન વિભાગોમાં એન્જિનિયરિંગ હોદ્દાઓનો સમાવેશ થાય છે. ફાઉન્ડેશને ૮૫૦ થી વધુ મહિલાઓના ઉદ્યોગસાહસિક કૌશલ્યમાં વધારો કરીને આત્મનિર્ભર બનવામાં પણ મદદ કરી છે.

ગ્રામીણ વિકાસ કમિશનર અને ગુજરાત સરકારના સચિવ શ્રીમતી મનીષા ચંદ્રા (ૈંછજી) એ આ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી હતી. એક વીડિયો સંદેશમાંતેમણે સમાવેશી કાર્યબળ બનાવવા પ્રત્યે ફાઉન્ડેશનની પ્રતિબદ્ધતાને બિરદાવતા કહ્યું હતું કે, "મહિલાઓ રૂઢિપ્રથાઓને તોડીને આર્થિક રીતે સ્વતંત્ર બને તે જોવું ખૂબ જ ગર્વની વાત છે. આવી પહેલ પાયાના સ્તરે મહિલાઓને ઉત્થાન આપે છે અને આવનારી પેઢીઓને પ્રેરણા આપે છે." મુન્દ્રાની અદાણી પબ્લિક સ્કૂલના ડિરેકટર શ્રીમતી અમી શાહ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા દિવસના મહત્વ અંગેઅદાણી ફાઉન્ડેશનના ગુજરાતના સીએસઆર વડા શ્રીમતી પંક્તિ શાહે લિંગ સમાનતાને આગળ વધારવામાં સમાજની સામૂહિક જવાબદારી પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું હતું કે, "મહિલાઓને ખરેખર પ્રગતિ કરવા પરિવાર, સમુદાય અને કોર્પોરેટ ક્ષેત્રનો ટેકો જરૂરી છે. જ્યારે મહિલાઓને તેમના વ્યાવસાયિક અને વ્યક્તિગત જીવનમાં સંતુલન જાળવવા માટે સશક્ત બનાવવામાં આવે છે, ત્યારે તેઓ માત્ર તેમની કારકિદીર્માં જ શ્રેષ્ઠતા મેળવતી નથી પરંતુ તેમના પરિવારો અને સમાજમાં પણ સકારાત્મક પરિવર્તન લાવે છે."

અદાણી ગ્રુપ રોજગાર અને સુરક્ષા દ્વારા સકારાત્મક પરિવર્તન લાવી રહ્યું છે. અદાણી સોલાર ખાતેમહિલાઓ માટે સલામતીની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાંઆમાં લોકર રૂમ, કેન્ટીન અને ગુલાબી શૌચાલયોની ઉપલબ્ધતા, તેમજ સુરક્ષા કમર્ચારીઓ સાથે પરિવહન સુવિધાઓનો સમાવેશ થાય છે, તે કાર્યસ્થળ પર મહિલા સુરક્ષા અનેસલામતીની ખાતરી આપે છે. અદાણી સોલારના ટેકનિકલ એસોસિયેટ શ્રીમતી સોનલ ગઢવી રામ પોતાની સફરનાસંસ્મરણો શેર કરતા જણાવે છે કે "અદાણી સોલારમાં કામ કરવાથી મને મારાપેશનને અનુસરવાની તક મળી છે. આજેહું આત્મનિર્ભર છું અને મારા પરિવારને ટેકો આપું છું, તે મારા માટે એક સ્વપ્ન સાકાર થવા સમાન છે. પહેલાં દિકરીઓ માટે સલામત પરિવહનના અભાવે નોકરી માટે બહાર નીકળવું મુશ્કેલ હતું. પરંતુ હવેઅદાણી સોલારની સુરક્ષા સહિતની વિશ્વસનીય સુવિધાઓ સાથેહું દરરોજ આત્મવિશ્વાસ સાથે કામ પર જાઉં છું.આ યાત્રા ખરેખર સશક્તિકરણ આપનારી રહી છે."

લગભગ ત્રણ દાયકાથી, અદાણી ફાઉન્ડેશન તેના બટરફલાય ઈફેકટ ફ્રેમવકર્નાં ભાગ રૂપે, શ્રેણીબદ્ધ લક્ષિત કાર્યક્રમોથકી દેશભરમાં મહિલાઓનું સશક્તિકરણ કરી રહ્યું છે. બાળપણથી વૃદ્ધાવસ્થા સુધી, મહિલાઓના જીવન દરમ્યાન ઉદભવતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેને ડિઝાઈન કરવામાં આવ્યું છે. આર્થિક પ્રવૃત્તિઓને સક્ષમ બનાવવા ધ્યાન કેન્દ્રિત કરતાફાઉન્ડેશન શિક્ષણ, આરોગ્યસંભાળ, ટકાઉ આજીવિકા અને ઉદ્યોગસાહસિકતાઅને સમુદાય વિકાસ પહેલના મુખ્ય ક્ષેત્રોમાં મહિલાઓ માટે પરિવર્તનને વેગ આપી રહ્યું છે.

# સલાયા પાસે પરોડિયામાંથી ૪.૪૧ લાખના દારુના જથ્થા સાથે આરોપી ઝડપાયો



(પ્રતિનિધિ દ્વારા)

દેવભૂમિ દ્વારકા તા. ૬

સલાયા પાસે પરોડિયા ગામેથી આજરોજ દ્વારકા એલસીબીએ બાતમીના આધારે ઈંગ્લીશ દારૂના જુદી જુદી બ્રાન્ડના ૭૦૮ દારૂની બોટલના ગેરકાયદેસર જથ્થા સાથે એક નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. મળતી માહિતી મુજબ એસપી શ્રી પાંડે સાહેબની સૂચનાથી તમેજ એલસીબી પીઆઈ શ્રી ગોહિલ સાહેબના માર્ગદર્શન હેઠળ પીઆઈ બારસિયા અને પીએસઆઈ શ્રી દેવમુરારી સાહેબ અલગ અલગ ટીમો બનાવી પેટ્રોલીંગમાં હતા ત્યારે એલસીબી એએસઆઈ મશરીભાઈ ભરવાડીયા, હેડ કોન્સ.દિનેશ માડમ ,લાખાભાઈ પિંડારીયાને મળેલ બાતમીના આધારે પરોડિયા ગામ અને પીરના તળાવ પાસે રહેતા હરદાસ ખીમાણંદભાઈ મશૂરા ના રહેણાંક મકાને નિયમોનુસાર કાયવર્ાહી કરતા રેડ દરમ્યાન નિરણ જુવારના ઢગલા નીચે સંતાડી રાખેલ અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટની ઈંગ્લિશ દારૂની કુલ બોટલ નંગ ૭૦૮ જેની કિંમત ૪,૪૧,૦૩૬ નો ગેરકાયદેસર જથ્થો મળી આવ્યો હતો.

જે મુદામાલ સાથે હરદાસ ખીમાણંદભાઈ મશુરા ઉમર.૩૦ પરોડિયાના રહેવાશીની ધરપકડ કરી હતી. આ આરોપી ઉપર અગાઉ ભોગાત ગામે ઈંગ્લીશ દારૂનો જથ્થો સપ્લાઈ કરેલ હોય જે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ છે.

આ આરોપી છેલા પાંચ મહિનાથી સદર ગુન્હા કામે નાસતો ફરતો હતો.જેથી કલ્યાણપુર પોલીસ સ્ટેશને પણ જાણ કરેલ છે. આ કામગીરીમાં એલસીબી પીઆઈ કે.કે.ગોહિલની સૂચના મુજબ પીઆઈ એ.એલ. બારસિયા, પીએસઆઈ. બી.એમ.દેવમુરારી, એસ.એસ.ચૌહાણ, એસ .વી. કાંબલીયા, તેમજ એએસઆઈમસરીભાઈ, અરજણભાઈ, જેસલસિહ, દિનેશમાડમ, લાખાભાઈ, હસમુખભાઈ, વિશ્વદીપસિંહ વગેરે જોડાયા હતા.

# હર્ષદથી શિવલિંગની થયેલી ચોરીમાં નોંધપાત્ર કામગીરી કરનારા પોલીસ અધિકારીઓ, સ્ટાફને સન્માનિત કરાયા

(પ્રતિનિધિ દ્વારા)

દેવભૂમિ દ્વારકા તા. ૬

દેવભૂમિ દ્વારકા જિલ્લા સાથે સમગ્ર પંથકમાં અતિ ચકચારી બની ગયેલા હર્ષદ ગામમાં આવેલા મહાદેવના મંદિરમાં થયેલી શિવલિંગની ચોરીના પ્રકરણમાં પોલીસ અધિકારીઓ, કમર્ચારીઓની ટીમ દ્વારા કરવામાં આવેલી તાકીદની અને નોંધપાત્ર કાયર્વાહીના અંતે આ શિવલિંગને શોધવામાં સફળતા મળી હતી. આ સમગ્ર પ્રકરણની સરાહના કરી, દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડાએ અહીંના પોલીસ અધિકારીઓ તેમજ તેમની ટીમને સન્માનિત કર્યા હતા.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના હર્ષદ ગામે આવેલા ભીડભંજન મહાદેવના મંદિરમાંથી શિવરાત્રીના આગલા દિવસે તારીખ ૨૫ ના રોજ શિવલિંગની ચોરી થયાનો અતિ ચકચારી બનાવ બનવા પામ્યો હતો. આ કેસમાં શિવલિંગ તેમજ તસ્કરોની ભાળ મેળવવી ખૂબ જ પડકારરૂપ અને ચેલેન્જ રૂપ બન્યું હતું. કારણ કે આ પ્રકરણમાં કોઈપણ પ્રકારની સીસી ટીવી ફૂટેજ કે નજરે જોનારાઓ નહોતા. આટલું જ નહીં માનવ વસ્તીથી દૂર આવેલા આ પ્રાચીન શિવ મંદિરમાં થયેલી આ ચોરી પોલીસ માટે આસ્થા અને ડિટેકશનની મહત્વની જવાબદારી બની રહી હતી. આ પ્રકરણ સંદર્ભે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયના સીધા માર્ગદર્શન હેઠળ એલ.સી.બી., એસ.ઓ.જી. અને કલ્યાણપુર પોલીસની ટીમ દ્વારા ૪૮ કલાક જેટલા સમયગાળા દરમિયાન અહીંથી ખૂબ જ દૂર હિંમતનગરના એક ગ્રામ્ય વિસ્તારમાંથી તસ્કરોને ઝડપી લઈ અને શિવલિંગ પરત મેળવવાની નોંધપાત્ર સફળતા મળી હતી. જેને સંદર્ભે પોલીસની આ કામગીરીની સવર્ત્ર સરાહના થઈ હતી. આ નોંધપાત્ર અને મહત્વની સિદ્ધિ બદલ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિ અને સાગર રાઠોડ, એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલ તેમજ સ્ટાફના એ.એલ. બારસીયા, એસ.વી. કાંબલીયા, જેસલસિંહ જાડેજા, અરજણભાઈ મારુ, ડાડુભાઈ જોગલ, તેમજ કલ્યાણપુરના પી.એસ.આઈ. યુ.બી. અખેડ, વિગેરેને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડે દ્વારા સ્મૃતિ ચિહ્ન તેમજ સર્ટિફિકેટ વડે સન્માનિત કરવામાં આવ્યા હતા.

# વિસાવદર તાલુકા કોટર્માં ઈ-સેવા કેન્દ્રનો પ્રારંભ

## ન્યાયાધીશશ્રીઓ દ્વારા દીપ પ્રાગટય કરી ખુલ્લુ મુકાયુ

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદરતા.૬


વિસાવદર પ્રિન્સિપાલ સિવિલ કોર્ટ ખાતે ગઈકાલ તા.૦૫/૧૦/૨૪ના રોજ ઈ સેવા કેન્દ્રનો એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ જે.એલ. શ્રીમાળી સાહેબ તથા પ્રિન્સિપાલ સિવિલ જજ એસ.એસ.ત્રિવેદી સાહેબ દ્વારા દીપ પ્રાગટય કરી જાહેર જનતાને લાભાર્થે ખુલ્લું મુકવામાં આવેલ હતું.

વિસાવદર સિવિલ કોર્ટ બિલ્ડિંગમાં નામ. ડિસ્ટ્રીકટ કોર્ટ જુનાગઢની સુચના મુજબ બપોરના ૨-૦૦ કલાકે વિસાવદર બાર એસોસિએશનના સભ્યો, કોર્ટ સ્ટાફ તથા પક્ષકારોની મોટા પ્રમાણમાં હાજરીમાં દીપ પ્રાગટય કરી ઈ-સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવેલ હતું

આ પ્રસંગે વિસાવદરના પ્રિન્સિપાલ સિવિલ જજ શ્રી એસ.એસ.ત્રિવેદી સાહેબ દ્વારા ઈ સેવા કેન્દ્ર દ્વારા કરવામાં આવનાર વિવિધ સેવાકીય પ્રવૃત્તિ વિશે વિસ્તુત માહિતી આપેલ અને જણાવેલ કે આ સુવિધા વિસાવદરની ત્રણેય કોટર્માં ન્યાયની અપેક્ષાએ આવતી પ્રજાને આંગળીના ટેરવે પોતાના કેસોની માહિતી મળી રહે અને કોટર્માં ચાલતી કેસોની કાયર્વાહીથી તેઓ માહિતીગાર રહે તેમાં આ ઈ સેવા કેન્દ્રની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા લોકોને પોતાના કેસોની માહિતી મળી રહે તેવા શુભહેતુથી સમગ્ર ગુજરાતમાં જુદી જુદી કોટોર્માં આ સેવાનો પ્રારંભ કરાવવામાં આવેલ છે. ઈ સેવા કેન્દ્રના માધ્યમથી વકીલો તથા પક્ષકારોને કોટર્માં ચાલતાં તેમના કેસો અંગેની જરૂરી માહિતી મેળવવામાં ખૂબ સરળતા રહેશે. ઉપરાંત કોટર્માં આવતા તમામ પક્ષકારોના સમય અને નાણાંનો વ્યય થતો પણ અટકશે. વધુમાં વધુ પક્ષકારો ઈ સેવા કેન્દ્રનો વધારેમાં વધારે લાભ લ્યે તેવી અપીલ કરી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

### વનતારામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યો પશુઓ સાથે વાતાર્લાપ

# પશુ પક્ષીઓના આવાસ "વનતારા"નું ઉદ્ઘાટન કરતા વડાપ્રધાન






(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૬ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વન્યજીવોના રેસ્ક્યુ, પુનર્વસન અને સંવર્ધન કેન્દ્ર-વનતારાનું ઉદ્દઘાટન કરીને મુલાકાત લીધી હતી.

વનતારામાં ૨,૦૦૦થી વધુ પ્રજાતિના ૧.૫ લાખથી વધુ રેસ્ક્યુ કરાયેલા, નામશેષ થઈ રહેલા પ્રાણીઓ નિવાસ કરે છે. વડાપ્રધાને સેન્ટર ખાતેની વિવિધ સુવિધાઓને નિહાળી. અહીં પુનર્વસન કરી રહેલા વિવિધ પ્રજાતિઓના પ્રાણીઓ સાથે તેમણે નિકટતાથી સંવાદ કેળવ્યો હતો.

વડાપ્રધાને વનતારાની વન્યજીવ હોસ્પિટલની મુલાકાત લીધી અને એમઆરઆઈ, સીટી સ્કેન, આઈસીયુ સહિતની સુવિધાઓથી સજ્જ પશુ ચિકિત્સા પ્રણાલી નિહાળી. આ હોસ્પિટલમાં વાઈલ્ડલાઈફ એનેસ્થેસિયા, કાર્ડિયોલોજી, નેફ્રોલોજી, એન્ડોસ્કોપી, ડેન્ટિસ્ટ્રી, ઈન્ટરનલ મેડિસિન વગેરે સહિતના અનેકવિધ ડિપાર્ટમેન્ટ આવેલા છે.

અહીં તેમણે એશિયાટિક સિંહબાળો, સફેદ સિંહના બચ્ચાં, જવલ્લે જ જોવા મળતાં અને નામશેષ થઈ રહેલા ક્લાઉડેડ લેપડર્નાં બચ્ચાં, હેણોતરા (કારાકલ)નાં બચ્ચાં સહિતના વિવિધ પ્રજાતિઓના પ્રાણીઓને ભોજન કરાવ્યું હતું અને તેમની સાથે રમ્યા હતા.

વડાપ્રધાન મોદીએ જે સફેદ સિંહના બચ્ચાંને ખવડાવ્યું હતું તેનો જન્મ આ સેન્ટરમાં જ થયો હતો અને તેની માતાને રેસ્ક્યુ કરીને વિશેષ કાળજી માટે વનતારા લાવવામાં આવી હતી. હેણોતરાની પ્રજાતિ એકસમયે ભારતમાંથી લુપ્ત થઈ ચૂકી હતી અને હવે તે જવલ્લે જ જોવા મળે છે. વનતારામાં, હેણોતરાના સંવર્ધન માટે તેને બંધ જગ્યામાં પ્રજનન કાર્ય માટે રખાય છે અને પછી બચ્ચાં મોટા થાય એટલે તેમને વનમાં મુક્ત કરી દેવાય છે.

વડાપ્રધાને હોસ્પિટલના એમઆરઆઈ રૂમની મુલાકાત લઈને એશિયાટિક સિંહ પર થઈ રહેલા એમઆરઆઈને નિહાળી હતી. તેમણે હાઈવે પર કારની અડફેટથી ઘવાયા બાદ રેસ્ક્યુ કરીને અહીં લવાયેલા એક દીપડાનો જીવ બચાવવા થઈ રહેલી સર્જરીને પણ ઓપરેશન થિએટરમાં જઈને જોઈ હતી.

રેસ્ક્યુ કરીને આ સેન્ટરમાં લવાયેલા પ્રાણીઓને આબેહૂબ કુદરતી વાતાવરણ જેવા સ્થળે જ રાખવામાં આવે છે. આ સેન્ટરમાં એશિયાટિક સિંહ, સ્નો લેપર્ડ, એક-શિંગા ગેંડા સહિત ઘણા પ્રાણીઓના સંવર્ધન માટે વિવિધ પહેલો આદરવામાં આવી છે.

વડાપ્રધાને ઘણાં ખતરનાક પ્રાણીઓ સાથે નિકટતાથી સમય વીતાવ્યો હતો. તેઓ ગોલ્ડન ટાઈગર, સર્કસમાંથી રેસ્ક્યુ કરીને લાવવામાં આવેલા ૪ સ્નો ટાઈગર, જેઓ ભાઈઓ છે અને જેમને સર્કસમાં વિવિધ કષ્ટદાયક કરતબો કરાવવામાં આવતા હતા, સફેદ સિંહ તથા સ્નો લેપર્ડ સામે ફેસ-ટુ-ફેસ બેઠા હતા.

અગાઉ એક સ્થળે પાડીતા પ્રાણીઓ તરીકે રખાયેલા ચિમ્પાન્ઝીઓ સાથે સમય વીતાવતા વડાપ્રધાને ઓકાપી નામના બચ્ચાંની પીઠ થાબડી હતી, ભેટ્યા હતા અને એક ઓરાંગઉટાંગ પ્રજાતિનાં બચ્ચાં સાથે તો પ્રેમથી રમ્યા પણ હતા જેને અગાઉ સાંકડા પિંજરામાં પૂરી રખાયું હતું. આ ઉપરાંત તેમણે પાણીમાં રમી રહેલા હિપોપોટેમસને નજીકથી નિહાળ્યો હતો અને સાથે જ મગરને પણ જોયો હતો, ઝિબ્રાને સંગ ચહલકદમી કરી હતી તેમજ જિરાફ તથા ગેંડાના બચ્ચાંને ભોજન કરાવ્યું હતું. આ ગેંડાના બચ્ચાંની માતાનું આ સુવિધા ખાતે મૃત્યુ થતાં તે અનાથ થઈ ગયું હતું.

તેમણે વિશાળ અજગર, અનોખા બે-મોઢિયા સાપ, બે-મોઢિયા કાચબા, તપિર, ખેતરમાં તરછોડાયેલા અને પાછળથી ગ્રામજનોને મળતાં રેસ્ક્યુ કરાયેલા દીપડાના બચ્ચાં, જાયન્ટ ઓટર, બોંગો (કાળિયાર), સીલ્સને પણ જોયા હતા. તેમણે હાથીઓને જકુઝીની મજા માણતા નિહળ્યા હતા. આ હાઈડ્રોથેરાપી પૂલ્સમાં આથર્રાઈટિસ તથા પગની બીજી તકલીફોથી પીડાતા હાથીઓને ઝડપથી રિકવરીમાં મદદ મળે છે અને તેમનું હલન-ચલન સુધરે છે. તેમણે હાથીઓની હોસ્પિટલની કામગીરીને પણ નિહાળી હતી, જે આખી દુનિયામાં આવી સૌથી મોટી હોસ્પિટલ છે. તેમણે રેસ્ક્યુ કરીને સેન્ટરમાં લવાયેલા સંખ્યાબંધ પોપટને પણ મુક્ત કર્યા હતા. વડાપ્રધાને સેન્ટર ખાતેની વિવિધ સુવિધાઓનું સંચાલન કરી રહેલા તબીબો, સપોર્ટીંગ સ્ટાફ તથા કામદારો સાથે પણ વાતાર્લાપ કર્યો હતો.

### આચાર્ય લોકેશજીની અધ્યક્ષતામાં

## શ્રી શ્રી રવિ શંકરજી અને પૂ. મોરારી બાપૂના માર્ગદર્શન હેઠળ વિશ્વ શાંતિ અને સદ્ભાવના માટે સંતોની રાષ્ટ્રીય સમિતિની રચના કરાશે

**વિશ્વ શાંતિ કેન્દ્રના ઉદઘાટન પ્રસંગે શાંતિ અને સદ્ભાવના સ્થાપવા માટે સંતોની રાષ્ટ્રીય સમિતિની રચનાની ઔપચારિક જાહેરાત પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા કરવામાં આવી**




અમદાવાદ તા. ૬ અહિંસા વિશ્વ ભારતી દ્વારા નવા નિર્માણ પામેલા વિશ્વ શાંતિ કેન્દ્રના ઉદઘાટન સમારોહમાં પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ અને હરિયાણાના મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીજીની ઉપસ્થિતિમાં વિશ્વમાં શાંતિ અને સદ્ભાવના સ્થાપવા માટે સંતોની રાષ્ટ્રીય સમિતિ બનાવવાનો નિર્ણય લેવાયો હતો.

પ્રખ્યાત કથાવાચક પૂ. મોરારીબાપૂએ આ પ્રસ્તાવ મૂક્યો કે વિશ્વ શાંતિ અને સદ્ભાવના માટે અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીની અધ્યક્ષતામાં સંતોની રાષ્ટ્રીય સમિતિ રચવી જોઈએ, જેનો આર્ટ ઓફ લિવિંગના સ્થાપક શ્રી શ્રી રવિ શંકરજીએ સમર્થન કર્યુ છે. પૂ. બાપુએ જણાવ્યું કે આ સમિતિ માત્ર વિશ્વ શાંતિ જ નહીં, પરંતુ ભારતમાં ગૃહશાંતિ અને સદ્ભાવના માટે પણ કાર્ય કરશે.

શ્રી શ્રી રવિ શંકરજીએ પ્રસ્તાવને સમર્થન આપતાં કહ્યું કે વિશ્વ શાંતિદૂત આચાર્ય લોકેશજી આ સમિતિનું નેતૃત્વ કરવા માટે યોગ્ય સંત છે. તેમણે કહ્યું કે જે સ્થળે યુદ્ધ અથવા સંઘર્ષ ચાલતો હશે, ત્યાં આ સમિતિ તાત્કાલિક જઈને સમાધાન માટે વાત કરશે. આ સમિતિના ગઠન માટે વિલંબ કરવો યોગ્ય નથી.

આચાર્ય શ્રી લોકેશજીએ પ્રસ્તાવ સ્વીકારતાં કહ્યું કે પૂ. મોરારીબાપૂ અને શ્રી શ્રી રવિ શંકરજીના માર્ગદર્શન હેઠળ ભારતના વિવિધ સંતોને આ સમિતિમાં સામેલ કરવામાં આવશે. તેઓએ ઉમેર્યું કે હું તો માત્ર એક ખીસકોલી સમાન છું, પણ મારી શક્ય તેટલી સેવાઓ આપવા તૈયાર છું. તેમણે જણાવ્યું કે હરિયાણાની ધરતી પરથી ગીતા ઉપદેશ ફેલાયો હતો, હવે પૂ. બાપૂના માર્ગદર્શન હેઠળ અહીંથી વિશ્વ શાંતિ અને સદભાવનાનો સંદેશ આપવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું કે એક માર્ગદર્શન મંડળ (ગાઈડન્સ કમિટી) બનાવવામાં આવે, જેમાં શ્રી શ્રી રવિ શંકરજી અને પૂ. બાપૂ પ્રથમ સભ્ય રહેશે અને બંને વિવિધ ધમોર્ના મુખ્ય સંતોને આ સમિતિમાં જોડશે.

પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ એ આચાર્ય લોકેશજીની અધ્યક્ષતા અને શ્રી શ્રી રવિ શંકરજી તથા પૂ. મોરારી બાપૂના માર્ગદર્શન હેઠળ આ સમિતિની ઔપચારિક જાહેરાત કરી. હરિયાણાના મુખ્યમંત્રી શ્રી નાયબ સિંહ સૈનીજી સહિત મોટી સંખ્યામાં એકત્રિત થયેલા લોકોએ તાળીઓના ગડગડાહટ સાથે આ પ્રસ્તાવનું સ્વાગત કર્યું હતું.

## • રમઝાન મુબારક •




### રમઝાન સંદેશ-૩

**સામાજિક દૂષણઃ**

સૌથી મુખ્ય દૂષણ આપણા સમાજમાં માનવ જીવન અને માન-સમ્માનનું હનન છે, હિંસા અને ઉપદ્રવ છે. જે કોઈની પાસે શક્તિ અને સંસાધન છે, તે પોતાના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે હિંસાને કાયદા ઉપર પ્રાથમિકતા આપે છે. પહેલાં આ કામ માત્ર એ લોકો કરતાં હતાં, જેમનો વ્યવસાય અપરાધ અને માદક-પદાર્થ હતો અને તેમનું સમાજમાં કોઈ સ્થાન ન હતું. પરંતુ હવે આ વલણ એ લોકોની અંદર પણ ઉત્પન્ન થઈ રહ્યું છે જે પોતાને સુસભ્ય અને શિક્ષિત કહે છે. ત્યાં સુધી કે સગીર છોકરા છોકરીઓમાં પણ હિંસા અને અપરાધની પ્રવૃત્તિ ઝડપથી ફેલાઈ રહી છે. નેતાગણ અને તેમના સહયોગી પણ દુસ્સાહસથી હત્યાઓ કરે છે અને કરાવે છે. જેની સાબિતિ ચુંટણી હિંસા છે. અપરાધ અને હિંસાને આપણાં સમાજમાં હવે સમ્માન મળવા લાગ્યું છે. મોબ લીંચિંગ પછી તેનો વિડીયો બનાવી વાઈરલ કરવું આનું વિરલ સ્વરૂપ છે. તેનું એક સ્વરૂપ આ છે કે વિભિન્ન રાજનીતિક પક્ષો ચુંટણી પ્રસંગે અપરાધીઓ અને હત્યારાઓને માત્ર ટીકીટ જ નથી આપતાં, બલ્કે તેમને મંત્રી પદના આસન ઉપર પણ બેસાડી દે છે. રિપોર્ટ અનુસાર અમુક નેતાઓ એવા છે, જેમની ઉપર હત્યા અને તોફાનોના અનેક કેસો ચાલી રહ્યાં છે. હત્યા તેમજ તોફાનો હવે ધાર્મિક તોફાનોનું બહાનું બની ગયું છે. જેમ કે સ્ટેન્સ અને તેમના બે નાના બાળકોની હત્યા. હમણાં જ કેટલાક લઘુમતીઓનું મોબ લીંચિંગ અને એક ઈસાઈ પાદરીની હત્યા. સાંપ્રદાયિક તોફાનો પ્રસંગે અને બાબરી મસ્જીદ વિધ્વંસ પછી મુંબઈ અને અન્ય વિસ્તારના તોફાનો જેવી ઘટનાઓ માનવજીવનની અવમાનની ઠોસ સાબિતી છે.

| | |
|---|---|
| રોઝા | - ૫ ગુરૂવાર |
| ઈફતાર | - ૬ : ૫૮ |
| રોઝા | - ૬ શુક્રવાર |
| શહેરી | - ૫ : ૪૬ |

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

## દેવભૂમિ દ્વારકા જિલ્લાનો દરિયો તોફાની રહેવાની શક્યતા, માછીમારોને સાવચેત કરાયા

જામ ખંભાળિયા, તા. ૬ હવામાન વિભાગની આગાહી મુજબ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા. ૮ માર્ચ સુધી દરિયામાં પવનની ઝડપ ૪૫ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની તેમજ આ ઝડપ વધીને ૫૫ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની સંભાવના છે જેના કારણે દરિયો એકદમ તોફાની બની રહેશે તેવી શક્યતાને ધ્યાને લઈ, અને જિલ્લાના માછીમારોને ખાસ તકેદારી રાખવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. તોફાની દરિયામાં માછીમારોને જાન-માલની નુકસાની ન થાય તે હેતુથી ઓખા મત્સ્યોધ્યોગ મદદનીશ નિયામક દ્વારા માછીમારોને ખાસ સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ભાણવડમાં 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના' અંતર્ગત વોટર શેડ કાર્યક્રમ યોજાયો

### ચેકડેમનું લોકાર્પણ કરાયું, ગ્રામજનો માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો






જામ ખંભાળિયા, તા. ૬ ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય અંતર્ગત જમીન સંસાધન વિભાગ દ્વારા જળ સંચયની પ્રવૃત્તિમાં જન ભાગીદારી વધારવા અને જન જાગૃતિ લાવવા માટે PMKSY-WDC ૨.૦ પ્રોજેક્ટ વિસ્તારોમાં "જળ લાવે ધન, ધાન્ય" થીમ હેઠળ 'વોટરશેડ યાત્રા'નું આયોજન કરાયું છે.

આના અનુસંધાને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાણવડ તાલુકાના મોડપર ગામે ખાસ કાર્યક્રમ યોજાયો હતો. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના "વોટરશેડ રથ"નું આગમન મોડપર શાળા ખાતે થતાં તેને ગામની બાળાઓ દ્વારા કુમકુમ-પુષ્પથી વધામણા કરીને ઢોલ શરણાઈ સાથે ગ્રામજનો, બાળકો, વિગેરેએ જોડાઈને જન જાગૃતિ અર્થે જળસંકટ રેલી કાઢી હતી.

ગામની સમાજ વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પદાધિકારીઓ તેમજ અગ્રણીઓના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. પુષ્પગુચ્છ તથા શાલ દ્વારા મહાનુભાવોના સ્વાગત સાથે બાળાઓ દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

ગ્રામજનોને વોટરશેડ પ્રોજેક્ટ વિશે માહિતી આપવામાં આવી હતી અને શપથ ગ્રહણ કરવામાં આવ્યું હતું. બાળકો દ્વારા 'પાની કી પાઠશાલા' પર નિબંધ રજૂ કરાયો હતો. વોટરશેડના લાભાથીર્ઓએ પોતાના અનુભવ રજૂ કર્યા હતા તેમજ મહાનુભાવોએ ઉદબોધન કરી, સૌને પ્રોત્સાહિત કર્યા હતા. સાથે વૃક્ષારોપણ તથા વોટરશેડ યોજના અંતર્ગત સ્મશાન ખાતે તૈયાર થયેલ ચેક ડેમનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું તેમજ ઈનામ અને પ્રમાણપત્ર વિતરણ કરાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં હાલ ત્રણ પ્રોજેક્ટ કાર્યરત છે. જે અંતર્ગત PMKSY WDC ૨.૦ ભાણવડ તાલુકાના ઘુમલી,મોડપર તેમજ જામપર, નવાગામ અને કલ્યાણપુર તાલુકાના જુવાનપુર,નંદાણા પ્રોજેક્ટ ગામોનો સમાવેશ થયેલો છે.

## જી.એસ.એફ.સી દ્વારા સુત્રાપાડાના ગાંગેથા ખાતે ખેડૂત મિટિંગ યોજાઈ



સૂત્રાપાડા તા. ૬ કેન્દ્ર સરકારની ખેડૂતો માટેની પી.એમ પ્રણામ યોજના અંતર્ગત ૦૪ માચર્ના સુત્રાપાડા તાલુકાના ગાંગેથા ગામે ખેડૂત મિટિંગનું આયોજન થયું,જેમાં જી.એસ.એફ.સી ના અધિકારીશ્રી દ્વારા વૈકલ્પિક ખાતરોના ઉપયોગ વિશે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

વિશેષમાં રાસાયણિક ખાતરો જેવા કે યુરિયા અને ડી.એ.પી જેવા ખાતરોની જગ્યાએ વૈકલ્પિક ખાતરો એમોનિયમ સલ્ફેટ તેમજ ૨૦:૨૦:૦:૧૩ નો ઉપયોગ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું,આ સિવાય પ્રાકૃતિક ખેતી માટે એગ્રો પ્રોડક્ટ પ્રોમ,બેક્ટેરિયા પી.એસ.બી, અમીન સહિતની પ્રોડક્ટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના આયોજનની જહેમત ખેડૂત પ્રતિનિધિ બાબુભાઈ ગોહિલ,પ્રતાપભાઇ તેમજ જી.એસ.એફ.સીના અધિકારીશ્રી ડી.જે.વાડજા સાહેબ અને જી.એસ.એફ.સી એગ્રોટેક લી.ના પ્રાચી ખાતેના ડેપોટ ઈન્ચાર્જ ભાવેશ ભાઈ સોલંકીએ ઉઠાવી હતી.



જેમ પાપ ધોવા ગંગા સ્નાન કરવું પડે તેમ સફળ નેતા સાબિત થવા કૌભાંડ કરવું



આ કાળા નાણા ભેગા કરનારા નેતાના મોઢા કાળા થઈ જતા હોય તો ?

# જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલીયા અને જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે ચંદુભાઈ મકવાણાની વરણી





જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલીયા અને જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે ચંદુભાઈ મકવાણાની નિમણુંક કરવામાં આવતા તેઓને વ્યાપક આવકાર સાથે અભિનંદનની વર્ષા કરવામાં આવી રહી છે.

જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્માની મુદત ઘણા સમય થયા પુર્ણ થઈ છે તેમજ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલની પણ મુદત પુર્ણ થયાને સારો એવો સમય વિતી ગયો છે અને ગુજરાતનાં તમામ શહેર અને જીલ્લાનાં પ્રમુખ પદ માટેની વરણી માટેની કવાયતો હાથ ધરવામાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પુર્ણ થયા બાદ નવા પદાધિકારીઓની નિમણુંક ગઈકાલે કરી નાખ્યા બાદ ભાજપનાં માળખામાં ધરખમ ફેરફારો તોળાઈ રહયા હતા. દરમ્યાન આજે શહેર ભાજપ પ્રમુખ અને જીલ્લા ભાજપ પ્રમુખ માટે નિમણુંકોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં જૂનાગઢ શહેર ભાજપનાં પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલીયાની નિમણુંક થઈ છે અને લોહાણા સમાજને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી મોહન કુંડારીયાએ આજે તેની જાહેરાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જૂનાગઢ શહેર ભાજપનાં પ્રમુખ તરીકે સતત બે વખત રહેલા પુનિત શર્માને રીપીટ કરવામાં આવ્યા નથી અને તેના સ્થાને શહેર ભાજપ પ્રમુખ તરીકે ગૌરવ રૂપારેલીયાની વરણી કરવામાં આવી છે જેને લઈને ભાજપનાં કાર્યકરોમાં ભારે ઉત્સાહ છવાયો છે આ નિમણુંક અંગેની જાહેરાત આજે ભાજપ કાર્યાલય ખાતે કરવામાં આવી હતી. જયારે બીજી તરફ જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે કિરીટ પટેલનાં સ્થાને જીલ્લા ભાજપ પ્રમુખ તરીકે ચંદુભાઈ મકવાણાની નિમણુંક કરવામાં આવી છે. આ નિમણુંક બાદ આગામી સમયમાં શહેર અને જીલ્લાનાં ભાજપનાં માળખામાં ટોપ થી બોટમ સુધીનાં ફેરફારો કરવામાં આવનાર હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

# જૂનાગઢ મનપાનાં મેયર પદે ધર્મેશ પોશીયા, ડે. મેયર આકાશ કટારા, સ્ટેન્ડીંગ કમીટીનાં ચેરમેન પલ્લવીબેન ઠાકર, શાસક પક્ષનાં નેતા મનન અભાણી, દંડક પદે કલ્પેશ અજવાણીની વરણી















## મનપાનાં નવનિયુકત સુકાનીઓને વ્યાપક આવકાર સાથે અભિનંદનની વર્ષા

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ મનપાનાં પદાધિકારીઓની ગઈકાલે વરણી કરવામાં આવી હતી. મનપાનાં મેયર તરીકે ધર્મેશ પોશીયા, ડે. મેયર તરીકે આકાશ કરમણભાઈ કટારા, સ્ટેન્ડીંગ કમીટીનાં ચેરમેન તરીકે પલવીબેન ઠાકર, શાસક પક્ષનાં નેતા પદે મનન અભાણી અને દંડક પદે કલ્પેશ અજવાણીની વરણી કરવામાં આવતાં નવનિયુકત પદાધિકારીઓને ઉપસ્થિત દ્વારા અભિનંદનની વર્ષા કરવામાં આવી હતી. જૂનાગઢ મનપાનાં અઢી વર્ષનાં શાસન માટે ભાજપનાં પાંચ હોદેદારોની વરણી સાથે સ્ટેન્ડીંગ કમીટીનાં સભ્યોનાં નામોની પણ જાહેરાત કરવામાં આવી હતી. અને આ સાથે જ મનપાનાં નવા સુકાનીઓએ કાર્યભાર સંભાળી લીધો છે.

જૂનાગઢ મનપાની યોજાયેલી ચુંટણીમાં ભાજપને સંપૂર્ણ બહુમતી પ્રાપ્ત થઈ હતી અને ત્યારબાદ હોદેદારોની નિમણુંક માટેનો તખ્તો ગોઠવાયો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં નિવાસ સ્થાને પાર્લામેન્ટ્રી બોર્ડની મળેલી બેઠકમાં મનપાનાં પદાધિકારીઓ માટેની ભૂમિકા ઘડાઈ હતી. અને ગઈકાલે સૌ પ્રથમ કમલમ ખાતે ભાજપનાં ચુંટાયેલા કોર્પોરેટરોની બેઠક મળ્યા બાદ મનપાનું જનરલ બોર્ડ મળ્યું હતું અને નવા સુકાનીઓની નિમણુંક જાહેર કરવામાં આવી હતી.

ગઈકાલે બપોરનાં ૩ કલાકે મનપા ખાતે પંડિત દિનદયાલ ઉપાધ્યાયનાં સભાખંડમાં જનરલ બોર્ડની બેઠક મળી હતી જેમાં મનપાનાં કમિશ્નર ડો. ઓમપ્રકાશ દ્વારા કોર્પોરેટરશ્રીઓ તથા પત્રકારોનું સ્વાગત કરવામાં આવેલ. આ તકે નાયબ કમિશ્નર એ.એસ. ઝાપટા તથા કોર્પોરેટરશ્રીઓ અને તમામ શાખા અધિકારીઓ ઉપસ્થિત રહયા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી કલ્પેશભાઈ ટોલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. દરમ્યાન ગઈકાલે મળેલી બેઠક જીપીએમસી એકટ અનવ્યે અઢી વર્ષ માટે મેયરશ્રી (જનરલ)ની ચુંટણી કરવા માટે પ્રવીણભાઈ તેજાભાઈ વાઘેલા દ્વારા વિનસ ભાઈ નીતિનભાઈ હદવાણીના ટેકાથી ધર્મેશભાઈ ધીરુભાઈ પોંશીયાની મેયર પદ માટે દરખાસ્ત કરવામાં આવી,જેમાં ૨.૫(અઢી) વર્ષની મુદત માટે મેયર ધર્મેશભાઈ ધીરુભાઈ પોંશીયા બિનહરીફ ચુટાયેલ છે. જયારે જી.પી.એમ.સી.એકટ અન્વયે ભાવનાબેન ચેતનભાઈ વ્યાસ દ્વારા ચેતનભાઈ હરસુખલાલ ગજેરાના ટેકાથી આકાશભાઈ કરમણભાઈ કટારાની ડે.મેયર પદ માટે દરખાસ્ત કરવામાં આવી,જેમાં ૨.૫(અઢી) વર્ષની મુદત માટે ડેપ્યુટી મેયર તરીકે આકાશભાઈ કરમણભાઈ કટારા બિનહરીફ ચુટાયેલ છે.

ઉપરાંત જૂનાગઢ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના નવા ૧૨– સભ્યશ્રીઓની ૨.૫ (અઢી) વર્ષ માટે નિમંણુક કરવામાં માટે આધ્યાશક્તિબેન અપૂવર્ભાઈ મજમુદાર દ્વારા પરાગભાઈ જયેન્દ્રભાઈ રાઠોડના ટેકાથી દરખાસ્ત કરવામાં આવેલ,જે મુજબ (૧) પલ્લવીબેન ઠાકર (૨) બાલાભાઈ રાડા (૩) સંજયભાઈ મણવર (૪) પ્રફુલ્લાબેન ખેરાળા (૫) કુસુમબેન અકબરી (૬) નીલેશભાઈ પીઠીયા (૭) વિનશભાઈ હદવાણી (૮) અંકીતભાઈ માવદીયા (૯) પ્રવીણભાઈ વાઘેલા (૧૦) વનરાજભાઈ સોલંકી (૧૧) ઈલાબેન બાલસ (૧૨) વિમલભાઈ જોષી બિનહરીફ ચુટાયેલ છે. તેમજ શ્રી વનરાજભાઈ વિપુલભાઈ સોલંકી દ્વારા શ્રી સંજયભાઈ જમનાદાસ મણવરના ટેકાથી પલ્લવીબેન એસ. ઠાકરની સ્થાયી સમીતીના અધ્યક્ષ પદ માટે દરખાસ્ત કરવામાં આવી.જેમાં જુનાગઢ મહાનગર પાલિકાના સૌ પ્રથમ વખત સ્થાયી સમિતિના મહિલા અધ્યક્ષ તરીકે પલ્લવીબેન એસ. ઠાકર બિનહરીફ ચુટાયેલ છે. જયારે શાસક પક્ષના નેતા મનનભાઈ ધીરજલાલ અભાણી અને દંડક તરીકે કલ્પેશભાઈ કિશોરભાઈ અજવાણીની શાસકપક્ષ દ્વારા નિમણુંકની જાહેરાત કરવામાં આવી. આ તકે કમિશનરશ્રી દ્વારા ચુટાયેલ પદાધિકારીશ્રીઓ અને સભ્યશ્રીઓને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ સાથે જ મનપાનાં નવા સુકાનીઓનો પદવિધિ સમારંભ થયા બાદ જૂનાગઢ મનપાનો કાર્યભાર સંભાળ્યો હતો.

### જૂનાગઢ મનપાનાં સ્થાયી સમીતીનાં સભ્યોની નામાવલી

(૧) શ્રી પલ્લવીબેન ઠાકર
(૨) શ્રી બાલાભાઈ રાડા
(૩) શ્રી સંજયભાઈ મણવર
(૪) શ્રી પ્રફુલ્લાબેન ખેરાળા
(૫) શ્રી કુસુમબેન અકબરી
(૬) શ્રી નીલેશભાઈ પીઠીયા
(૭) શ્રી વિનશભાઈ હદવાણી
(૮) શ્રી અંકીતભાઈ માવદીયા
(૯) શ્રી પ્રવીણભાઈ વાઘેલા
(૧૦) શ્રી વનરાજભાઈ સોલંકી
(૧૧) શ્રી ઈલાબેન બાલસ
(૧૨) શ્રી વિમલભાઈ જોષી

# જૂનાગઢ મનપાનાં નવનિયુકત સુકાનીઓ સામે અનેક પડકાર

## શહેરને રળીયામણું બનાવવા માટે ભગીરથ પ્રયાસ સાથે લોકોની સમસ્યાઓ નિવારવા પણ શ્રેણીબંધ પગલા લેવા પડશે

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ સહીત રાજયભરમાં સંબંધિતોની જયાં મીટ મંડાયેલી હતી તેવી જૂનાગઢ મનપાનાં પદાધિકારીઓની નિમણુંક ગઈકાલે કરવામાં આવી છે. અને મેયર ધર્મેશ પોશીયા, ડે. મેયર આકાશ કટારા, સ્ટેન્ડીંગ કમીટીનાં ચેરમેન પલવીબેન ઠાકર, શાસક પક્ષનાં નેતા મનન અભાણી, દંડક કલ્પેશ અજવાણી સહીતનાં પદાધિકારીઓની નવી નિમણુંક બદલ હારતોરાથી સ્વાગત અને સન્માન પણ વ્યકત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શુભેચ્છાઓનો ધોધ વરસ્યો હતો. અને દિવસભર ભરચકક કાર્યક્રમ રહયો હતો.

જૂનાગઢ મનપાની ચુંટણી અંગેનું જયારથી જાહેરનામું બહાર પડયું હતું ત્યારથી લઈ અને ચુંટણીઓ સંપન્ન થઈ અને ભાજપને બહુમતી મળ્યા બાદ હવે જૂનાગઢ મનપાનાં નવા સુકાનીઓ કોણ બનશે ? તે અંગેની અનેક અટકળો અને આતુરતા અને એક તકે તો ભારે સસ્પેન્સ ભર્યુ વાતાવરણ સર્જાયું હતું. પરંતુ આખરે લોકોની આતુરતાનો અંત આવ્યો હતો. અને ગઈકાલે મનપાનાં નવા શાસન અધિકારી એટલે કે સુકાનીઓની વરણીનું કાર્ય રંગેચંગે પૂર્ણ થયું હતું. પદ પ્રાપ્તીનો આનંદ અનેકગણો હોય છે. પરંતુ ભાજપે જે વિશ્વાસ સાથે પોતાનાં પ્રતિનિધિ તરીકે નિમણુંકો આપી છે અને આજે જૂનાગઢનું શાસન જેઓનાં હાથમાં આવ્યું છે તે તમામ પદાધિકારીઓ માટે એક અનેક પડકારસમી ભૂમિકા સામે આવી રહી છે. અને તેઓને શહેરનાં વિકાસ અને આમ સમાજની સમસ્યાની નિવારણ માટેનો અમૂલ્ય અવસર જયારે પ્રાપ્ત થયો છે ત્યારે તેમાં ખરા ઉતરવા માટેની આકરી કસોટીનો પણ શુભારંભ થઈ ચુકયો છે જૂનાગઢ મનપાની વાત કરીએ તો આ વખતે ફરી એકવાર લોકોએ ભાજપનાં ઉમેદવારો પર વિશ્વાસ મુકયો અને બહુમતીથી ઝોળી છલકાવી દીધી છે. એટલે કે સતત ત્રીજી વખત ભાજપનું શાસન જૂનાગઢ મનપામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષનાં એટલે કે ગત શાસનકાળની કળવી યાદોને હસ્તે મુખે સહન કરી અને લોકોએ જે વિશ્વાસ ભાજપનાં આ ઉમેદવારો પર મુકયો છે તે વિશ્વાસને જાળવી રાખવાનું કામ નવનિયુકત પદાધિકારીઓએ કરવાનું છે. જૂનાગઢ શહેરની પાયાની સુવિધાઓ જેવી કે શહેરનાં રસ્તાઓ, પાણીની સમસ્યા, લાઈટની સમસ્યા, નવું સ્પોર્ટસ સંકુલ, ગાર્ડન, ઉપરાંત આ શહેરને રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, સુરત સહીતનાં મેગા શહેરોની માફક કલીન શહેર અને રળીયામણું બનાવવાનો દ્રઢ સંકલ્પ પણ કરવો પડશે. પાછલા એટલે કે વિતેલા વર્ષોને લોકો વિસરી જઈ રહયા છે. પરંતુ જયારે નવા સુકાનીઓ મનપાનાં શાસનધુરા સંભાળી છે ત્યારે તેઓની ખુબ જ ફરજ બની જાય છે કે આપણું આ જૂનાગઢ કે જેનો ગૌરવવંતો રાજકીય, સામાજીક, ઐતિહાસીક અને ધાર્મિક ક્ષેત્રે પણ ઈતિહાસ રહેલો છે. આ શહેરમાં આવનારા પ્રવાસીઓ આ શહેરને ફરી ફરીને મુલાકાત લે તેવું ટનાટન નગર આપણું જૂનાગઢ બને તેવી નગરજનોની મહેચ્છા છે. એટલું જ નહીં લોકોની ખુબ જ અપેક્ષાઓ રહેલી છે ત્યારે આ અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે શાસક પક્ષ ભાજપ દ્વારા આકરો પરીશ્રમ કરવો પડશે. એટલું જ નહીં ભ્રષ્ટાચાર રહીત પારદર્શક વહીવટ સ્થાપવાની પણ નકકર કામગીરી કરવી પડશે. આ ઉપરાંત જૂનાગઢ મનપાનાં સમાવિષ્ટ તમામ વોર્ડમાં લોકોની દાદ-ફરીયાદ અને સમસ્યાઓની જાણકારી મેળવવા માટે દર મહીને એક વખત મુલાકાત લેવી પડશે. લોકોની શું સમસ્યા છે ? લોકો કેવી અપેક્ષા રાખે છે ? તે તમામ બાબતોનો સર્વે કરી તેનું યથાયોગ્ય પોસ્ટમોર્ટમ કરવું પડશે. આ ઉપરાંત મુખ્યમંત્રીનાં ફરીયાદ નિવારણ વિભાગનો એક કાર્યક્રમ આવે છે અને તેમાં સ્થાનિક વહીવટી તંત્રથી લઈ ઉચ્ચસ્તરમાં ન્યાય મેળવવા માંગતા લોકોની ફરીયાદોને જેમ કચરા ટોપલીમાં નાખી દેવામાં આવી હોય અને કયાંય લોકોનું સાંભળતું ન હોય તેવા અરજદારો ન્યાય મેળવવા માટે જયારે મુખ્યમંત્રીનાં ફરીયાદ વિભાગ પાસે જાય છે અને ચપટી વગાડતાં તેઓનાં કામ થતા હોય છે. તે માટે જૂનાગઢ મનપાનાં નવાનિયુકત પદાધિકારીઓ દ્વારા પણ એવી નમુનેદાર કાર્યવાહી કરવાની માંગણી આમજનતાની છે. આ સાથે જ ઈમરજન્સી ૧૦૮ની માફક તત્કાલ ફરીયાદ નિવારણ વિભાગ પણ મનપાએ શરૂ કરવો પડશે. અને ૨૪ કલાકમાં અરજદારોની ફરીયાદોનો નિકાલ થાય તેવી સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવાની પણ તાતી જરૂરીયાત છે. એટલું ચોકકસ છે કે જે અપેક્ષાઓ અને સ્વપ્નો લોકોએ સેવ્યા છે તે સ્વપ્નોને સાકાર કરવામાં આવે તેવું વ્યવસ્થાપન તંત્ર ગોઠવવું તે મનપાનાં નવનિયુકત શાસકોને શીરે આવ્યું છે. હવે જોવાનું એ રહે છે કે પ્રજાનાં સ્વપ્નોને સાકાર કરવામાં કેવી કામગીરી થાય છે તે ઉપર નગરજનોની મીટ રહેલી છે. આ સાથે જ જૂનાગઢ મનપામાં ચુંટાયેલા નવનિયુકત પદાધિકારીઓને. હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે. ભાજપની એક વિશેષતા એ રહેલી છે કે સ્થાનિક સ્વરાજયની ચુંટણી હોય, મહાનગરપાલિકાની ચુંટણી હોય, ધારાસભાની ચુંટણી હોય કે લોકસભાની ચુંટણી હોય લોકોની નજર જયાં ન પહોંચે અને અટકળોનો દોર સતત વહેતો રહે તેવા જ સમયે અચાનક ભાજપ દ્વારા નવી જ વ્યુહ રચના ઘડી કાઢવામાં આવે અને તેને આખરી ઓપ આપવામાં આવે તેવું આ વખતે પણ ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે. અને મનપાનાં પદાધિકારીઓની વરણીમાં પણ નવા ચહેરાને એટલે કે નવયુવાનોને તક આપવામાં આવી છે. અને સાથે જ કસાયેલા અને અનુભવીઓને પણ મહત્વનાં હોદા પર નિયુકતી કરવામાં આવી છે.

## જૂનાગઢના ગોપાલવાડી -૩ ખાતે આવતીકાલે હોલી કે રસીયા કાર્યક્રમ યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢના જોષીપરા ગોપાલવાડી-૩ના સાર્વજનિક પ્લોટમાં ગોપાલ વાડી-૩ના યુવક મંડળ અને બાલ કૃષ્ણ હવેલીના મહિલા મંડળના સયુંકતક્રમે તારીખ ૭ માર્ચ ૨૦૨૫ ને શુક્રવારના રાત્રીના ૮:૩૦ કલાકે હોલી કે રસીયા કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં વ્રજના પ્રખ્યાત કલાકારો દ્વારા રસિયા ઉત્સવ રાખેલ છે. જેમાં મોરકુટી લઠમાર હોલી, ફુલફાગ હોલી, લડુમાર હોલી સહિતના વિવિધ ઉત્સવો ઉજવાશે. આ પ્રસંગે ગૌસ્વામી ૧૦૮ નવનીતરાયજી મોટા મંદિર ઝાંઝરડા રોડ, મુખ્યાજી પપ્પુભાઈ શર્મા, તેમજ રાષ્ટીય સ્વયં સેવક સંઘ ધર્મ જાગરણ સમન્વય જૂનાગઢ નગરના હોદેદારો તેમજ વોર્ડ નંબર ૬ ના તમામ કોર્પોરેટરો ખાસ ઉપસ્થિત રહેશે. આ ધર્મ મહોત્સવમાં જૂનાગઢના નગરજનોને ખાસ ઉપસ્થિત રહેવા ગોપાલવાડી -૩ ના યુવક મંડળ અને બાલ કૃષ્ણ હવેલીના મહિલા તરફથી



ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. આ અંગે વધુ માહિતી મેળવવા દિલીપભાઈ વણપરીયા પ્રમુખશ્રી તથા બટુકભાઈ સુખડીયા ઉપપ્રમુખનો કોન્ટેક કરવા એક અખબારી યાદીમાં જણાવાયું છે. મો. ૯૭૨૭૫૨૮૩૩૦, ૭૭૭૭૯૧૭૭૧૭, ૯૮૭૯૭૩૮૧૯૩.

## દ્વારકાધીશ જગતમંદિરે આવતીકાલથી વસંતઋતુના અનેરા વધામણા

**કાળિયા ઠાકોરને શ્રૃંગાર તથા સંધ્યા આરતીમાં કરાશે અબિલ-ગુલાલના છાટણા : શ્રીજીને બન્ને આરતી સમયે અબીલ- ગુલાલની પોટલી ધરી તેમાથી ફુલડોલ સુધી રોજ દર્શનાર્થીઓને રંગે રમાડાશે**





(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૬

જગવિખ્યાત દ્વારકાધીશ જગતમંદિરે શુક્રવારથી વસંત ત્રૂંતુંના આગમનના વધામણા રૂપે ફુલડોલ સુધી રોજ સવારે ૧૦:૪૫ વાગ્યે થતી શ્રૃંગાર આરતી તથા સાંજે ૭:૪૫ વાગ્યે થતી સંધ્યા આરતીમાં કાળિયા ઠાકોરને અબીલ-ગુલાલના છાટણા કરી રંગ રમાડવાનો ભાવ વ્યકત કરાશે. ઠાકોરજી તેમજ ભાવિકોને રંગ રમાડાશે. તા.૭ શુક્રવારના હોળાષ્ટકનો પ્રારંભ થતા શ્રીજીને સવારે શિંગાર આરતી તેમજ સાંજે સંધ્યા આરતી બન્ને આરતીમાં અબીલ-ગુલાલની પોટલી ધરી તેમાથી દર વર્ષે દર્શનાર્થીઓને રંગે રમાડવાનું શરૂ કરાય છે. આરતી સમયે ભાવિકોને રંગોથી રમાડવામાં આવશે.વસંત પંચમીથી ફુલડોલ (ધુળેટી) સુધી જગત મંદિરમાં વસંતોત્સવ ઉજવાય છે. મંદિરના પુજારી નેતાજીએ જણાવ્યું કે હોળી અગાવના આઠ દિવસ જે હોળાષ્ટક કહેવાય છે. હોળાષ્ટનો પ્રારંભ થતા જ બન્ને આરતી શિંગાર આરતી તેમજ સંધ્યા આરતીમાં શ્રીજીને અબિલ ગુલાલની પોટલી ધરી નિજ મંદિર પટાગણમાં દર્શનાર્થીઓને ઠાકોરજીના પ્રસાદરૂપે રંગોથી રમાડાશે. સંખ્યાબંધ ભાવિકો ભગવાન સાથે સંગ રંગ રમવા ઉમટી રહ્યા છે. અગામી ૧૪મીના બોપરે ફુલડોલ ઉત્સવ નિજ મંદિરમાં પુજારી પરીવાર અને ભાવિકો દ્વારા ભવ્ય ઉત્સવ ઉજવાશે તેમા શ્રીજીને ચાંદીની પીચકારી ધારણ કરાય છે. તેમાં કેસુડાનો રંગ ભરી શ્રીજીને ફુલડોલ ઉત્સવ ઉજવાય છે.